બોધદિવાકર પ્રથમકીર્ણ.

વિવિધમિત્રતા.

લખનાર,

જગત્મિત્ર.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक ૬૦૧ वर्गांक
पुस्तकनुं नाम વિવિધ ભ્રમતા
विषय ૮ : ૨

સદ્બોધ દિવાકર. પ્રથમ કીર્ણ.

વિવિધમિત્રતા.

લખનાર અને પ્રકાશક,

જગત્મિત્ર-અનુભવાર્થી.

शोकाराति भयत्राणं प्रीति विश्रम्भ भाजनम् ।
केन रत्नमिदं सृष्टं मित्र मित्यक्षर द्वयम् ॥

પ્રથમાવૃત્તિ.

મુંબઈ:—"નિર્ણયસાગર" પ્રેસમાં મુદ્રાંકિત.

મૂલ્ય:-અમૂલ્ય મિત્રતા.

અજ્ઞાત મિત્રોપાસેથી પાંચ આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૬૦૧

અર્પણપત્રિકા.

જેણે અંતરની પ્રત્યેક સંધિ—વાસનાઓને એકત્ર કરી, તેઓનો ઐક્ય સંગમ થવા દેવામાં આનંદ માની, સ્વતઃ સિદ્ધ—સ્વયંભુની પ્રેરણાથી ગતિમાન્—પ્રકૃતિના સંબંધને દૃઢ જોઇ, મગ્ન રહી, આધીન થઈ,—કરી, હૃદયની ગાઢ ઇચ્છાઓ ભુજાઓરૂપી મુદ્રિત બાથ* ભીડી છે;

તે સુહૃદને

આ "વિવિધમિત્રતા" જેવું કિંચિત્ પ્રયાસ—પ્રત્યુપકારની ઇચ્છાથી નહીં, પણ આશાઓને કાંઈપણ અંશે સંતોષી રખાય એવા હેતૂથી—

અર્પણ.

લખનાર.

---

* આ પુસ્તકના પ્રત્યેક પ્રકરણના પ્રથમાક્ષરપર આવેલા ફ્લૉવરમાંનો મોનોગ્રામ.

પ્રસ્તાવના.

પ્રિય વાંચનાર મિત્ર, અનેક વસ્તુ કિંવા વિષયને આ જગત્‌માં ભિન્ન-ભિન્નરૂપે રચાયલાં જોઈ તું આશ્ચર્ય પામીશ! મનુષ્યપ્રકૃતિ અનેકરંગી છે. એકના સ્વાભાવિક વિચાર બીજા મસ્તકમાં સ્ફૂર્તિ કલ્પનાઓથી તદન વેગળાજ જોવામાં આવશે. એ વ્યકતાકારમાં એકજ જાતિના સમ્પૂર્ણ તત્વ મળવા મુશ્કેલ છે. સર્વાંશે પ્રકૃતિ સંમિલન થવું દુર્લભ—અશકય માની શકાય. એક રીતે ઐકય પામતી વૃત્તિ અન્યરીતિ—માર્ગમાં વિરૂદ્ધ જશેજ સર્વ સંયોગોમાં ઉત્પન્ન થતી ન્યૂનાધિક વિચારણા, અન્ય સ્થળે તેજ સંયોગોમાં થતી કલ્પનાઓના પ્રમાણમાં ઐકય અને ભિન્નતા તેના ન્યૂનાધિક ભાવપરથી બતાવી આપેછે. આવી નહિ ગણી શકાય એટલા સ્વભાવયુક્ત માનસ સૃષ્ટિમાંના દિગ્દર્શન પળે પળે નિરિક્ષકોને નજરે પડેછે. તેનું સ્ફુટન કરવાની ઇચ્છાથી આશાને પેંગડે પગ દઈ સંસારારણ્યમાં ઉતરશું તો અન્ય ઇષ્ટ કાર્યોમાં નિર્વૃત્તિ મેળવ્યા છતાં આયુષ્યપર્યંત કંઇપણ અંશે કરી શકાયું—કહી શકાયું—સમજાયું કહેવડાવવાને નિત્ય અવિછિન્ન અતિત્વરાથી વધતી જતી મુસાફરીમાં સમુદ્રમાંથી ચાંચવડે પાણી ઓછું કરી લાવવા જેવુંજ ગણાય.

વિધવિધ પ્રકારના મિત્રો જગત્‌માંના અનુભવને બળ આપેછે. વિદ્યાશાળા તજી આપણે સંસાર શાળાના ગહન વિષયોનો અભ્યાસ કરવા ઝંપલાવ્યું છે. એ અનંત અભ્યાસના બોધ પાઠરૂપે આ વૃત્તાન્ત "વિવિધમિત્રતા" નામથી આજે આપ વાચકવૃંદના કરમાં—ભ્રમરની સુગંધલાલસા જેવી મમતાથી, યથાશક્તિ અનુભવ ચિતારી, સૃષ્ટિની વિચિત્રતાઓમાંથી એકાદને પ્રકાશમાં આણવા અર્થે—આવેછે. જો આટલાથી અનુભવ નાવને કાંઈક વધારે ઝડફથી ચલાવવાને સહજ બળ મળશે, કાંઈપણ અંશે અનુભવશાળાના અભ્યાસમાં વૃદ્ધિ નહિ તો પુનરાવૃત્તિ જેવું થશે, બાલ્ય અનુભવાર્થી પોતાના અનુભવને જોઈ શકયો છે એમ કહેવાશે અને અપકવ અનુભવીના ઉદ્‌ગારો અપકવ સ્થીતિમાંજ ઉછળી નીકળતા જોઈ તે પુનઃ પકવાવસ્થામાં જોવાની આશાથી સંસાર શાસ્ત્રીઓ જોશે, તોપણ વિદ્વાનોના ઉત્થાનથી જીવતી લેખીનિના પોષણમાટે માન્ય વર્ય જ્ઞાનશ્રીમંતો કાળજી રાખેછે એમ માની મહાસંતોષ માનીશ. વળીઃ—

अनंतशास्त्रं बहुलाश्च विद्या, अल्पश्च कालो ह्यतिविघ्नता च;
यत्सारभूतं तदुपासनीयं, हंसो यथाक्षीरमिवाम्बुमध्यात्.

એ ન્યાયને અનુસરવા પણ

"વિદ્વજ્જન કૃપાકાંક્ષિ "કર્ત્તા."
ની નમ્ર વિનંતી.



વિવિધ મિત્રતા.

પ્રકરણ ૧.

નિરુત્સાહી શ્રીમન્તાઈમાં ઉછરેલાનું આયુષ્ય.

શાર્દૂલ.

મિથ્યા સત્વ રહીત માર્ગ વિચરી, ઉત્સાહ આદિ ત્યજે,
જેમાં માન્ય નરો ગણે ન ઉન્નતિ, તેવાં અકાર્યો સજે;
નીતિયુક્ત પ્રશંસનિય સુગુણો, ‘શ્રી’ નામમાં જે ગણે,
એવા સામ્પ્રત શ્રી મદાન્ધ યુવકો, સંસાર લ્હાવો હણે.

મણિપુરમાં આખી પૃથ્વીપરના કોઇ પણ દેશના રહેવાસી નહિ આવ્યા હોય, એમ માનવાને સાફ ના પાડતાં આપણા દેશીઓ કહેછે કે, “કોઇ પણ દેશ એવો નહિં હશે કે, જ્યાંના વતની મણિપુરમાં નહિં આવ્યા હોય!” તો તે મ્હારા વાંચનારથી પણ અજાણ્યું રહી ગયું હોય એમ માની શકાય નહિ. એવા એક પ્રખ્યાત નગરનું વર્ણન કરવું એ બી, એ. થએલાને એ. બી. સી. ડી. નું પઠન કરવાની ભલામણ જેવું છે; તથાપિ કૃત્રિમ સૃષ્ટિમાં કૃત્રિમ જવનિકાઓ કાલ્પનિક ચિત્રોથી ચિતારવી અને સંભવિત ભાવને ખેંચી રાખવા એ પડદાઓને યોગ્ય સ્થળે અનુકૂળ રંગ પૂરવો; એ

માત્ર નિમિત્તને અવકાશ આપવા અર્થે, વાર્તા રહસ્યના જીજ્ઞાસુઓના મનમાં સંશય નહિ રહે તેમાટે, અને એક કથાની મર્યાદાના દર્શનને જગા આપવા કલ્પિત સામગ્રીનો નૈવેદ્ય પણ અરુચિકર ન થાય જાણી તેમાં રસ પૂરવાના પ્રયત્નની ઇચ્છા રાખી હોય તો અયોગ્ય ગણાય નહિ. લુખું અન્ન અને કર્ણ પ્રિય નહિ એવો સ્વાદવિનાનો ઉપદેશ કાંઈક પચવામાં ભારે હોયછે.

સ્વદેશી ચૌટામાં દરરોજ સવારથી સાંજલગણ વ્યાપારી મંડળો ઉભરાતા જણાય છે. ખરીદી–વેચાણ સોદાના હત્થા મારવા અને ભાવતાલની ખબર લેવા દેવા દલાલો એક મ્હેડી પરથી બીજી પર અને બીજીમાંથી ત્રીજીમાં આવતા જતા દૃષ્ટિઆગળ દોડધામ કરતા દેખાય છે. આ ચૌટાના માર્ગપરથી આર્યન બંદરના રાજ્યમાર્ગ તરફ જો દૃષ્ટિને દોડાવશો તો બે બાજુએ ઘરોની હાર, તેથી ઉપર આગળ શાકભાજી વેચનારા બેસે છે તે બજાર અને પુલ; પુલની પીઠ જેવી સપાટીમાંથી ઉગતા વાંસના જંગલ જેવા, બંદરમાં નાંગરેલાં વ્હાણોના ડોલ ઉંચા ગગનમાં જોડાઈ જવા–તેમાં પેશી જવા અણી લાંબી કરી ઉભા છે. પુલની નીચે ઉત્તરભણીના દેવદુર્ગપરથી વ્હેતા પાણીની રેલ વર્ષાદના દહાડામાં ચાર માસથી વધુ દીવસો વહન કરે છે અને ઉનાળામાં જીણી રેખા થઇ દક્ષિણમાં રેતાળ નળિયેરીઓથી ઉભરાતી ભૂમિપરથી પોતાના મંદ પ્રવાહને સાગરની સાથે ભેટ કરાવે છે. આમ આ ન્હાની નદીથી ચીરાયલા અને પુરુષપ્રયત્ન–પુલથી સંધાયલા જેવા શહેરમાં વિશેષ વસ્તી વણિક્ ગૃહસ્થોની હતી. જે ઘણું કરીને એકબીજાથી આડા પડેલા પુલ અને નદીને વ્યવહારથી જોડવા ત્યાંજ ભરાઇ હતી.

ચૈત્રમાસના સખત તાપથી થાકેલા, માલ ભરેલાં ગાડાં ખેંચતા, ધીમે ધીમે ચાલતા બળદો; ગાડી, ઘોડા, માણસો; લૂ જેવા સખત પછાડા મારતા વાયુવચ્ચે ઉડતી ધૂળના રજકણોથી વારંવાર ઢંકાઈ જતા પુલપર આવજા કરતા હતા. મ્હેનતુ મજુરો વિસામો લેવા આતુર બનતા ઓટલા શોધતા હતા. ધનવાન્ વ્યાપારીઓ લ્હેણુ દેણુ અને વ્યાપારની પંચાયતોમાંથી ઘડીક મુક્ત થવા મુખ્ય

ગુમાસ્તાઓ સામે કાંઇ સલાહની, ફોકટની, અને એવી સામાન્ય વાતોમાં પરોવાયા. પુલની થડમાંજ ઉત્તર દિશામાં એક ગામઠી નિશાળ છે તે વખતની જગત્‌ની મંદગતિનો પુરાવો આપતી હતી. વિદ્યાર્થીઓને પઠન કરવાનું સૂચવી મ્હેતાજી ખુરશીપર–પાછળ માથું ઢાળી દઈ ઉંઘ કહાડતા હતા. આળસુ છોકરા ઉંઘથી ઝોલાં ખાવા લાગ્યા. પ્રપંચી પોરીઆઓમાં કોઇ પેન્સીલ ઘડવામાં, કોઇ ચોપડીપર પુઠાં ચ્હડાવવામાં, કોઇ ચોપડીમાંથી ચિત્ર જોવામાં અને કોઇ એકની પાસેથી કલમ બીજાની પાસેથી કાગળ કે એવું એવું માગવા, આપવા, વેચવા કે એક બીજાની ચર્ચા ચલાવવા લાગ્યા. કોઇ પાટીપર ચિત્ર કહાડી રમ્યા, કોઇ નિશાળ બ્હાર ઓટલાપર પેન ઘસી અણી કહાડવા ગયા. તોફાની નિશાળીયા કોઇનું કાંઇ ઝુંટતા, ટોપી ફેંકતા, આમતેમ નિશાળ વચ્ચે આવજા કરી ગરીબ સ્વભાવના છોકરાઓને ધમકાવતા હતા. બપોરે સૂઈ રહેનાર મ્હેતાજીને એ ગરબડ સ્વાભાવિક અને પ્રિયકર હોવાથી અકળાતા નહી; તે ઝટ ઉઠે એમ નહિ હોવાથી નિરંકુશ નિશાળ ધમધમવા–નિષ્ફળ ખટપટોમાં પ્રવર્ત થવા લાગી. પુલની બ્હેલીમેર–નિશાળની સામે એક બ્હેડીપર પણ એવોજ કારભાર ચાલી રહ્યો હતો. સુસ્ત કામદારો અંદર–વખારમાં ભરેલા માલપર સૂવા ગયા. મ્હેતા મુત્સદ્દી કોઇ કલમ ઘડવામાં અને કોઇ બગાસાં ખાવામાં હતા. કોઇ શેઠની, મુનીમની કે સાથીઓની ચર્ચા–નિંદા સ્તુતિ કરતા હતા. નિશાળમાં, આ બ્હેડીમાં અને આખા જગત્‌માં આવી સુસ્ત ક્રિયા થઈ રહી હતી. જાણે જગતનિયંતા પોતે પણ સુસ્ત થયો હોય ! અને સર્વ પ્રાણી પદાર્થને પ્રવૃત્તિમાં પ્રેરવા નિશ્ચિંત હોય એમ ભાસતું હતું, પણ એવી કલ્પના કરી સુસ્ત બનતા માનવી–પ્રાણીઓને ખબર ન્હોતી કે, ઘટિકાયંત્ર અવિછિન્ન પળ પળ ગણવામાં વિરામ પામ્યો નથી, ઐશ્વરી શક્તિથી ગતિમાન્ ક્રિયાઓમાં સિથિલતા આવી નથી, સમયાનુસાર સૂર્ય આદિ ગ્રહ ગણુ પોતાની ગતિ ચુકયા નથી.

સૂર્યનાં સખત કિર્ણોથી સર્વ પ્રાણીઓનાં મસ્તક વિચારશૂન્ય, શાન્તિનો આશ્રયશોધક, અને નિવૃત્તિનિવાસી બનવા આતુર હતાં,

પણ ઉપર કહ્યું, એ મ્હેડીમાં કઠેરાવાળી બેઠકઉપર વિરાજેલા સુન્દર યુવકના અંતરમાં એથી વીપરિત તરંગ ઉઠતા હતા. એના હૃદયની ચિંતા અનેક સંકલ્પવિકલ્પ ઉપજાવતી, એની પાસેથી એના ગોરા ગાલ સુન્દર વિશાળ કપાળ અને શુક જેવી સુઘડ નાસિકા સંકોચાવતી હતી. એ પોતાની નવી પૂટતી મુંછપર હાથ નાખવા જતો ત્યારે જાણે ખીલેલા કમળની સુશોભિત કળીપર ઝાકળના બિંદુ શોભતા હોય એમ આંગળીઓમાં પ્હેરેલી મણિ મુદ્રાઓ શોભતી. એના શંખ જેવા કંઠમાં કાંઇ પ્હેરેલું નહિ છતાં મધુર ત્વચાજ અલૌકિક અલંકૃતિયુક્ત હોવાથી જ્યારે એ મુખને લટકથી ફેરાવતો ત્યારે અધરસંપુટના ઝરતા અમૃતથી તે ભીંજાયલી હોય એમ લાગતું. ઇંગ્રેજી ઢપના કાળા ચળકતા કેશપર પુલ જેવી–હલકી મખમલની ટોપીજ માત્ર પ્હેરી હતી, આટલાથી એના કાનમાં પ્હેરેલી હીરાજડીત છેલકડીમાં ચમક આવતી હોય એમ એના ધારણ કરેલા આભૂષણ કરતાં શરીરની કાન્તિ અધિકતા ભોગવતી. સ્વચ્છ શ્વેત વસ્ત્રોથી બ્હાર દેખાતા હાથ, પગ, મુખ આદિ અવયવો જોનારની આંખોમાં પ્રભાતના મળસ્કા જેવી ઠંડક આપવા મધુરતાથી ભભુકતા હતા અને વસ્ત્રથી ઢંકાઈ રહેલી ત્વચા સૂક્ષ્મ છિદ્રોમાંથી પ્રકાશતી હતી. આ તરુણ હાથમાં પ્હેરેલી વીંટીઓ ભણી, હાથ પગની સુઘડતા ભણી, અને નખથી શિખાસુધી પોતાની સુન્દરતાને જોતો ચકોર આંખને આમતેમ ફેરવતો હતો, મનમાં પોતાની લાવણ્યમય મૂર્ત્તિપર મોહ પામતો હોય એમ ગાલ ઉપર હાથ ફેરવતો, છાતીપર હાથ રાખી પોતાનાપર વ્હાલ આણતો, નયનને નીચાં ઢાળતો, કનિષ્ઠિકા આંગળીને નાસિકામાં ફેરવતો, ત્યારે મણિમુદ્રિઓની રેખાઓ દૂરથી પણ પ્રકાશ મારતી. આ શરીર–સૌન્દર્યમગ્ન અન્ય પ્રપંચોથી દૂર હોવાથી મ્હેડીના કોઇપણ નોકરને એની સલાહ લેવાનો કે કાર્ય સંબંધી સૂચના મેળવવાનો પ્રસંગ કવચિત્જ આવતો. આવી નિશ્ચિંતતાવાળાને ચિંતા કયાંથી હોય ? તે જણાતું નહોતું તે છે એમ એના મુખવિકાર પરથી સમજાતું હતું. ગૌર ગાલ ચિંતાથી રાતા થયા હતા. સુન્દર વિશાળ કપાળ અને નાક તેમજ આખા મ્હોંની સંકોચાતી ત્વચાથી

કાંઇક વિચારનો નિર્ણય નહિ થતો હોય એવા ગુંચવાડામાં મન મુંઝાતું મુખપર સ્પષ્ટ થતું હતું. આ મુંઝવણ શી હશે તે જાણવાની જીજ્ઞાસા કોઇને નહોતી. માત્ર અનેક વિચારોના મિશ્રણથી જે મસ્તક ગુંગળાતું હતું, તેને આશ્વાસન આપવા એક વિચાર સ્હાયક થઇ રહેતો. તે "અનુકૂળ મિત્રની સલાહ" જેના વિચારોનો વેગ એક માર્ગપર દોરાયલો હોય, તેમાં અનુકૂળ ગતિથીજ પાર પ્હોંચી શકાય. સહુના વિચાર સ્વતંત્ર હતા, પણ એના એક મિત્રના વિચાર વધારે અનુકૂળ થવા ફાવતા. જ્યારથી આ તરુણે વિદ્યાશાળાના અભ્યાસને મુકી દઇ પોતાને ઉમરે પ્હોચેલો સમજી સંસાર વ્યવહારનો બોજો માથે ઉઠાવવાનો વિચાર કર્યો, ત્યાર પ્હેલાં એ વ્યવહારપ્રદેશની ભૂગોળના પાઠ શીખ્યો નહિ, તેથી સલાહ લેવાની આવશ્યકતાને વધારે સત્તા મળતી.

ક્યાંક જવાની ધારણાથી થોડીવાર વિચાર કરી પાઘડી હાથમાં લઇ ઉઠ્યો અને ટોપી ઉતારી એક માણસને બોલાવી ખીંટીયે ટાંગવા કહ્યું. ચાલો આપણે પણ એની પાછળ જઇશું.

સ્વદેશી મ્હોલાની શાક બજારવાળી ગલ્લીમાં એક જુની બાંધણીના ઘરને પાંચમે માળે એક ખંડમાં પ્રવેશ કરવાની ઇચ્છાથી આગળ પાછળ જોઇ દાદરપર અવાજ કર્યા વગર છુપાઈ રહી ખાનગી જાસુસ પેઠે એક ભોળો જેવો દેખાતો, બ્રાહ્મણ જેવા મ્હોટા તીલકવાળો, અને રખડતા પોષાકનો કોઇક હળવે હળવે બીડીમાંથી ગોટેગોટ ધુમાડા પોતાના પગ ભણી ક્હાડતો નીચે નમાવેલે માથે ઉભો હતો. આ ખંડમાં માત્ર બે શ્વેત ચાદરથી ઢંકાયલા કોચ ત્રણ-ચાર ખુરશીઓ, એક બુકકેસ,—પુસ્તક મંજુષ, અને વચ્ચે એક રાઉન્ડ ટેબલ અને હારમોન્યમ શીવાય એક જાજમ આખા મ્હોટા ખંડમાં પાથરેલી હતી. જાજમને એક છેડે ખૂણામાં એક તકીયાપર આળોટી પડેલો યુવક પાન ચાવતો ચાવતો છિન્ન ભિન્ન ગાતો હતો અને વચમાં એક ઝુલતી ખુરશીપર પડ્યો પડ્યો લાંબા કદનો યુવક કાંઈ વાંચતો હતો. ગાનારના ગાયનમાં સુરની સ્થીતિ ન્હોતી અને તે ઉછૃંખલ ચાળાથી ગાતો હોય એમ ભીંતોપર ચિતારેલી પ્રતિમાઓ ઘડી

ઘડી જોતો હતો; અને વાંચનારની નજર પુસ્તકમાંથી ચુકાવી દઈ પ્રશ્નોના ઉત્તર મેળવતો હતો. દાદર પર ઘસારો પડ્યો કે ગાનારે ફાળ ભરી-ઉઠી-ન્હાર આવી જોયું તો ગરબડરામ ત્યાં ઉભો હતો. પાસે જઇ ધીમે સાદે કહ્યું:-" કેમરે, ગરબડરામ ધીમો રહી આવેછે બીહેછે કે શું ? " એટલું કહી સ્વાભાવિક હોય એમ-કાંઇ કામ કરવા જતો હોય એમ અગાસી ભણી ચાલ્યો. ત્યાં એક કોચ પડ્યો હતો તેમાં છિદ્રથી રૂ દેખાતું હતું, તેમાંથી થોડું કહાડી હાથના આંગળાથી તે છુંદતો ત્યાં બેઠો. ગરબડરામ એની પાછળ જરા ચાલી પાછો દાદર પરની ગ્યાલરી-કઠેરાને પકડી ઉભો રહ્યો. બન્ને જણુ વાતે વળગ્યા એવામાં બીજો કોઇ આવતો સંભળાયો તે આવ્યો પણ એ એઓની પાસે બેસે એવો માણુસ ન્હોતો અને અંદર-"આનન્દભુવન" એવા અક્ષરોવાળા આ દ્વારમાં પેઠો. આ બે જણુ વાતોમાં હતા તે વાતનો અંત આવ્યો હતો.

" મ્હારા બેટા ટીખળનું પણ આયુષ્ય જબરૂં હો ! જો, વાત કરતાં આવી ન્હુડ્યો." ગરબડરામે વાતમાં ટીખળચંદ આવ્યાના સમાચાર કહી બતાવ્યા. નિષ્ઠબંધુને ચાલતી વાત સાંભળી લેવાની જીજ્ઞાસા વધી.

" હૂં, હૂં; પછીશું ? વાત કર જવાદે આપણે શું."

" પછી જોઇ લ્યો મઝા ! ટીખળચંદ પાસે છત્રી પડી હતી, " તેજ છત્રી લઇ છ, પાંચગણી ફટકાવી દીધી. એણે કહ્યું, વ્યાપાર " મ્હારા નામથી છે તારાથી અહીં કાંઈ બોલાય નહિ.' જુવો ભાઈ, "મ્હોટા ભાઇને એમ ક્હેવાય ! એની પાંસેથી એ શું પામવાનો હતો ? " પોતે કેટલા લૂણવાળા છે તે તો આપણે જાણીયે છીયે " આવી રીતે ભૂમિકા ગરબડરામે સંભળાવી પુરી કરી. એ આવ્યો ત્યારથી નિષ્ઠબંધુએ સઘળા સમાચાર ક્હડાવવાના હતા તેટલા કહડાવ્યા. ગરબડરામ મલકાયો, નવા કાર્યમાં મગ્ન થતો હોય, એમ બડાસ મારતો બને તેટલી ત્વરાથી સઘળું કહી રહી અંતર્ના પ્રપંચોથી મુક્ત થયો.

એ ગરબડરામના હાથમાં કાંઈ ખટપટ અવશ્ય હોવીજ જોઇયે. કાંઈ સાંભળ્યું—જોયું કે તરત તે વાતને પ્રસરાવી આજુબાજુના સંયોગ ધરાવતા સ્થળે સળગાવી મ્હોટું રૂપ આપવામાં કર્તવ્ય માનતો હોય એમ ખંતથી એક બીજાની વાતો—ચર્ચાઓમાં દિવસ ગાળી નાખવામાંજ ઉદ્યોગી રહેતો અને રાચતો. નિષ્ઠબંધુ એની પાસેથી બધી વાતો કહાડી શકયો અને પછી પોતે ત્યાંજ બેશી એને "અંદર શું વાતો થાયછે, તે સાંભળતો ખરો પછી મને કહેજે. તને રસ્તો બતાવીશ જા." એમ આંખના અણુસારાથી ઉત્તેજી વાત સાંભળવા મોકલ્યો. અંદર ધીમી વાતો થતી હતી. બન્ને મિત્રોના મુખપર ગંભીરતા હતી. ગરબડરામ બારણા વચ્ચે પડતા કાણામાંથી જોતો હતો. એકાગ્ર ચિત્તથી વાતોમાં લીન થયેલા મિત્રોએ આગળ પાછળ જોવાની અને શંકાયુક્ત રહેવાની ફરજ ભૂલી ગયા હોય એમ વાતોમાં ઉચ્ચારધ્વનીને આવેશથી વધારતા જતા હતા. સાંભળનારને કાળજીથી કાન માંડી સાંભળવાની મ્હેનત પડી નહિ. નિષ્ઠબંધુના વિચારતરંગ કોચપર પડેલા હૃદયમાં ઉછળતા હતા. "અહા ! માખણુલાલ તું આમ કરી શું લાભ મેળવવાનો હતો ? ટીખળચંદની અસત્યમાંજ દૃઢ રહીને કાંઇ ફળ મેળવવાની ઈચ્છા છે. અરે ! ગરબડરામ તને આમ કરવામાં શો લાભ! તું સાચો છે પણ નારદ જેવો." હશે. કરી ગરબડરામની સંભળાવેલી વાતોને પુનઃ સ્મર્ણમાં આણી ત્યાંજ કોચપર પડ્યો પડ્યો વિચાર કરવા લાગ્યો.

મણીલાલના ઘરમાં ડોસી જ્યારથી ગત થઇ ગઇ, ત્યારથી કલેશ ઉત્પન્ન થયો—થયા કરતો હતો. ટીખળચંદને આખો દહાડો પોતાના એક મિત્ર સાથે ફરવાનું ગમતું. મ્હોટા ભાઇને કોઇ પણ કાર્યમાં સ્હાયક થવાની એનામાં શક્તિ નહિ. મ્હેડી ઉપર બેશી બેશીને થાકે ત્યારે ઘરે આવી બૈરક ન્યાયની પંચાયતો પતાવે. 'ફલાણાની આગરણી છે, અને અમુકના લગ્નમાં આટલા દાગીના, આટલાં કપડાં આ માલ અપાયો.' તેના યોગ્યાયોગ્ય વિશે બૈરાંઓના ટોળામાં બેશી વિવેચન કરતો. સાંસારિક—કુટુંબી, સગાં સંબંધીઓમાં પ્રસંગોપાત થતી ક્રિયાઓનો અનુભવ એક ઘરડી સ્ત્રીના જેટલો એને થયો

હતો તેથી સ્ત્રીઓ પણ મ્હેણુ દેણુની સલાહ પૂછવા એને વધારે પ્રમાણિક–પ્રમાણભૂત માની એની પાસે આવતી. આવાં આવાં કેટલાંક કારણોથી મ્હોટા ભાઇને મળવી જોઇતી મદદ એ આપતો નહી, તોપણ તેનું ઉદાર હૃદય એના પક્ષપાતમાં ભાવ રાખતું. ભોજાઇ મ્હેણા મારતી અને કૂહેતી કે, “અમારા ભાઇ તો બાઇ જેવા તેને આવાં અમારાં ચતુર દેરાણી સમજાવતાં પણ નથી.” એવી એવી અનેક વાતો બીચારી ભાગ્યદેવી–એની સ્ત્રીને સાંખવી પડતી–કોઇવાર કાંઇ બોલે તો ફીસાદ જાગે માટે એ ઉચ્ચાર પણ ન કરે. પતિ પાસે ફર્યાદ કરેતો તે કહે ‘હું શું કરૂં, મ્હારો કાંઇ ગુન્હો છે, મ્હારા હાથમાં કાંઇ સાધન નથી ત્યાંસુધી ધીરજ ધર.” એક દિવસ સહજ વાત પરથી ઘરમાં કંકાસ વધ્યો; તે સવીસ્તર ટીખળચંદે પોતાના શ્વસુર પાસે કહેતાં ભાઇ ભોજાઇના વાંક કહાડ્યા. પોતાના વિચાર સંભળાવ્યા અને પોતાની સ્ત્રી એમનાથીજ દુઃખી છે એમ બતાવી તેનાપર દયા દેખાડી.

એનો સસરો નરાધમ એક ઇંગ્રેજી–વ્યાપારી ઘ્હેડીપર મુનીમ હતો. પોતાના ઉપરી સાહેબની એણે વાતોના તડાકા ફડાકાથી મ્હેરબાની મેળવી હતી. પોતે ત્યાં જઇ કામ કરતો નહિ. ફક્ત ચૌટામાંથી દરરોજ એક વખત–બપ્પોરે જઈ આવતો અને સાહેબને ભાવતાલ જણાવતો. પોતે રાખવાના હિસાબ હાથ નીચેના મ્હેતાઓને સોંપતો. નોકરો પર દબાણ રાખતો તેથી સાહેબ સમજતો કે, કામ પર ઠીક ધ્યાન અપાય છે. જાતે સ્વાર્થ સાધવામાં નિષ્ફળ નીવડતો નહિ. કારણ કે એની કુશળતા (Policie) થી સાધ્ય થતા કામને કોઇ કળી શકતું નહિ. વાત કરવામાં સ્મિત ભરતો અને નકામી–સ્વાર્થ વિનાની વાતપર કદીપણ ધ્યાન આપતો નહિ. પરમાર્થનું નામ એણે જો સાંભળ્યું માત્ર હોય, તો તે માત્ર પોતાના સફળ થતા સ્વાર્થપરત્વેજ. ટીખળચંદે કહેલી વાતો મણીલાલને કહેવાનો પ્રસંગ શોધતો હતો, એટલામાં એક દિવસ રસ્તે ચાલતાં તે સ્વાભાવિક મળી ગયો. તેને એણે ઠપકાના રૂપમાં એકવાર પોતાના જમાઇને છૂટા રાખવાની સૂચના કરી હશે, અને ઝવેરચંદની મિલ્કતમાં એનો હક

છે, એમ જણાવ્યું હશે; જેથી મણીલાલને એમ ભાસ્યું કે આમ થવાનું કારણ ટીખળચંદ તરફથીજ ઉત્પન્ન થયું લાગે છે. આથી એને રીશ ચ્હડી અને પ્હેડી પર જઇ ટીખળચંદને કહ્યું:—

"ભાઇ તને નહીં કહેલું તે આજે કહેવું પડેછે. જો, ઘરની
"વાતો જગત્‌ને મ્હોડે જવા દેવી એ ઠીક નહિ. તું તારી આવી
"આડી ચાલથી દુઃખી થઇશ. ભલે; તું કાંઇ પણ કરી નહિં આપ,
"છાનો છાનો જો સરખી રીતે વર્તીશ તો તેટલાથી પણ મ્હારે મન
"સંતોષ છે." આ વાકયોથી ટીખળચંદને વિપરીતજ અસર થઇ.

"જુઓ ભાઇ, તમે મ્હારાજ વાંક શોધ્યા કરો છો; મ્હારી
"ભાભીના વાંક તમને વસતા નથી. કાલેજ મને મ્હેણાં મારતાં હતાં
"કે, જા ગમે તેમ કર અમે તે કાંઈ ગુન્હો કર્યો છે કે, એક તો કશા
"કામના નહિ. વળી દ્હોડ ચપરાશી કરો! અને તમે મને કહો
"છો તે હું બીજે કયાં ઘરની વાતો કરવા જાઉં છું જે મ્હારા સસ-
"રાને સહજ વાત કરતાં કહ્યું હશે, તો તે કયાં આપણા માટે બુરા
"વિચાર રાખે એમ હતું? બાકી હું દુઃખી હોઉંછું કે સુખી, તેમાં
"તમારે શું? સહુ પોતાને માથે લઇ જન્મ્યા છે. તમે આમ મ્હારા
"દોશજ ખોળવા બેસો, તે શું હું તમારાથી ડબાયલો રહીશ? આ
"પ્હેડી મ્હારા નામથી છે તમારૂં કાંઈ ત્યાં ચાલે નહિ."
મણિલાલને નિશ્ચય થયું કે, નરાધમ પાસે વાતો ગઇ છે. તે પણ એકની અનેક થઇને. ક્રોધના બળતામાં ઘી હોમાયું. 'તમારૂં અહીં કાંઇ ચાલે નહિ' એ વાકયના પ્રહારથી એનો જુસ્સો હાથમાં ન રહ્યો. એની પાસેજ એક નવી છત્રી પડી હતી તે લઈ ત્રણ ચાર ચ્હડાવી દીધી અને ગુસ્સામાં ચાલ્યો ગયો. આ વાતોથી પ્હેડીનાં માણસો ચકિત થયાં! ટીખળચંદમાં આવો કોઇ દિવસ પણ જુસ્સો જાયેલો નહિં તે આજ મ્હોટા શેઠ સામે આમ બોલવાની હિમ્મત કયાંથી આવી એ જાણી શકાયું નહિ.

આ સઘળી વાતો જ્યારે ટીખળચંદ યુક્તિથી પોતાના મિત્ર વિજયસિંહને કહેતો હતો ત્યારે બ્હાર ગરબડરામ સાંભળી રહ્યો હતો અને ખરી વાતને બદલે જ્યાં ફેરફારથી એણે વાત કરી તેના

સ્પષ્ટીકરણ કરવા આતુર હતો પણ ટીખળચંદ જાય ક્યારે તેની રાહ જોતો ઉભો. જેને આપણે વખારપરથી અહીં આવતો જોયો તે ટીખળચંદ કેવી અવસ્થાઓ વચ્ચે હતો તે જણાયું. અહા! જગત્કર્તા કેવા રૂપમાં કેવા વિપરીત ગુણ મુકેછે! કળાતું નથી. શ્રીમન્તાઇમાં સારા સંસ્કાર અને યોગ્યતા મેળવવાની બેદરકારીથી એમ બનવાનું સંભવેજ. પછી કુટુંબની, આર્યોના આજકાલના થઈ પડેલા કેટલાક કઢંગા રીતિ રીવાજોની, કે ગમે તેની ચૂક ગણો નિરર્થક, કોઇ પણ જાતિના લાભ વિનાના માર્ગ હમેશાં ઢોળાવવાળા નજરે પડેછે તેમાં ઉતરી જવું સ્હેલ છે-પણ ઉપર ચ્હડવાનું જેટલું ગ્રાહ્ય, ઉત્તમ છે તેટલુંજ કઠિન પણ છે. એ કઠિનતાના દેખાતાં દુઃખ માથે વ્હોરી લેવાને કોઇકજ શ્રીમંત યુવક ઉત્સાહી બનશે. આવી નિષ્કાળજીના સમયમાં જેમાં ખુરૂજ થવાનું, એવાં કાર્ય કરવાં વધારે સૂઝે. પ્રમાદ, શરીરસૌન્દર્ય, આદિ ઉન્નતિસ્પ્રાહકને અયોગ્ય લાગતા નાદમાંજ સર્વ પ્રશંસા પામતા ગુણોનો ભાવ રાખવામાં આવે; અને આવા બીજા મોજશોખના કારણે સામ્પ્રત શ્રીમંત યુવકોમાં સત્ય સંસ્કાર વૃદ્ધિ પામવામાં ફાવતા નથી.

પ્રકરણ ૨.

સંગતિ-છાયા.

આ નન્દભુવનમાં વાતો કરતા બે મિત્રો આપણે જોયા તેમાંથી બ્હારથી હમણાં આવેલો ટીખળચંદ નીકળ્યો તેની પાછળ પાછળ જવા ગરબડરામ નીકળ્યો. રસ્તામાં ટીખળચંદના કાનપર ફૂંક મારી કે, જો તમે મને પચીસેક રૂપિયા નહિ આપો તો હું હમણાં મેં સાંભળી લેધેલી વાતો-મ્હોટાભાઇ આગળ કહી બતાવીશ. ટીખળચંદને ફાળ પડી, તેથી કબુલ્યું.

મણિલાલની સામે બોલવાની કોઇ-મ્હેડીનો માણસ તાકાદ ધરાવતો નહિ. એનો જાતિ સ્વભાવ જરા આકળો ખરો, પણ કોઇને

વિના વાંકે દંડ દેવામાં શેઠપણાનો ગર્વ રાખતો નહિ. પોતાને ગમતું કરવામાં ત્વરા રાખતો. કુટુંબમાં તેમજ બ્હાર એની સામે કોઈહાની ના કહી શકતા નહિ. એની સાથે વાત કરનારથી પુરતા શબ્દો માંડ માંડ બોલાતા. જોનારની આંખ તરત નીચે વળતી. જ્ઞાતિમાં, વ્યાપારીવર્ગમાં, સંબંધીઓમાં અને સામાન્ય વર્ગમાં પ્રતિષ્ઠા જળવાઇ રહેલી હોવાથી એનાં વાકયોનું સન્માન થતું. એના પિતાએ પોતાની હયાતીમાંજ મ્હોટા પુત્રને વહીવટ સાચવનાર ચતુર જાણી સઘળું એને સોંપી ગયો હતો. નાનાભાઇને પરણાવવાનું એને માથે હતું તે કર્યું. બીજાં ભાઇ બ્હેન ન્હોતાં. ઘરમાં ડોસી કાયમ હતી, ત્યાં સૂધી બે ભાઈ સંપી ચાલ્યા, પણ તે પંચત્વ પામ્યા કેડે ન્હાનાભાઇનો સ્વભાવ એકમાર્ગી લાગ્યાથી, અને વ્યાપારપર ધ્યાન નહિ આપતો હોવાથી, તેમજ સ્ત્રીઓનાં મ્હેણાં ટોણાંમાં વધતા કલેશથી સંપમાં વિક્ષેપ પડવા માંડ્યો. ન્હાનાભાઇનો સ્વભાવ એને અનુકૂળ પડ્યો નહિ, તેથી પોતે જે પેઢીપર વ્યાપાર ચલાવતો હતો, તે એના નામથી કરી આપી. પોતે ધ્યાન પ્હોંચાડી વ્યાપાર કરતો તેમાંથી સારી પ્રાપ્તિ થતી, પણ પ્રસંગ એવા આવતા કે કરેલા દ્રવ્ય-સંગ્રહમાં હાથ નાખવાની ફરજ પડતી. આગળ એકપછી એક, એમ ત્રણ સ્ત્રી પરણ્યો તે ક્રમવાર દુર્ભાગ્યને લીધે એને છોડી સ્વર્ગસ્થ થઇ. તેના થતા વારંવાર ખર્ચ જોકે શ્રીમંતાઇ પ્રમાણે ભારે ન્હોતા, તથાપિ કેટલીક સાંસારિક અવ્યવસ્થાના કારણે એને સમ્પૂર્ણ સંતોષી જીંદગી ભોગવવાનો સમય આવ્યો નહિ. હમણા એ નવી સ્ત્રી પરણ્યો હતો. ડોસી પોતાની પાસે જે ગુપ્ત ગાંઠ હતી તે ન્હાના દીકરાપર વ્હાલ હોવાથી તેને આપી ગઇ. ઉદ્યોગમગ્ન કમાવવાનો ભાર ખેંચીને પણ પોતાને સુખી માનતો. એના મનથી એ એનો—એની દેહનો સ્વાભાવિક ધર્મ હતો. ન્હાનાભાઈઉપર પક્ષપાત રાખતો, અને એને અજ્ઞાન, ઉછરતો અને છોકરવાદીથી ભરેલો માનતો—કાંઇ કહેતો નહિ, થતું તે જોયા કરતો. સમયપર ઘરમાં દિયેર ભોજાઇ વચ્ચે અથવા બીજાં કુટુંબીઓ વચ્ચે કાંઇ આડી અવળી વાત થતી તો બધાને ધમકાવી, સમજાવી, બોધ આપી પતાવતો અને ફરી તે વિચારને મસ્તકમાંથી ખસેડતો.

કેટલાક દહાડા આમ ચાલ્યું; એટલા અરસામાં ટીખળચંદનો જુનો બાલમિત્ર ઘણે વર્ષે એને ઓળખવા અને પ્રસંગ પાડવા પામ્યો હતો, તેની સાથે હમણાં એનો ઘણોખરો વખત જતો હતો. તેણે સલાહ આપી કે, તારા નામથી વ્યાપાર ચાલેછે, તને શી ફિકર છે ? ભાઇથી જુદો રહે એટલે સ્વતંત્રતા જેવું બીજું સુખ નહિ.

માખણલાલની ભાષામાં એવો રસ હતો કે, સામા માણસને કાંઇક સાચું, કાંઇક અતિષયોક્તિ ભરેલું, પણ પ્રજ્ઞતાનું ભાન કરાવનાર સત્વ ભાસતું. જ્યારે કોઇના વિચારમાં ફેરફાર કરવાની ઇચ્છાથી એ ભાષણના રૂપમાં બોલતો, ત્યારે ભોળા દિલના અજ્ઞાન લોકો તો એક ટસ્સે જોઇ રહેતા, અને 'આપ જે કહો તે ખરૂંજ' એવા ભાવથી વાતને ટેકો આપતા. તેઓનાં હૃદય એની વાર્તા રહસ્યમાં ભીંજાતાં અને પ્રત્યેક વાતમાં 'હા' ભણવાની હામ ભીડતા. બિચારા વાગ્જાળમાં સપડાયલા ભોળાઓતો એની કૃત્રિમ કૃતિઓથી અજ્ઞાન રહેવામાં કશી હાનિના અસ્તીત્વને સ્વીકારવાનો સમય હાથ ધરી શકતા નહિ. લોભીઆઓને લાલચથી, શ્રીમન્તો, સત્યપર પ્રીતિ રાખનારાઓ અને ધૂર્તોના પંજામાંથી બચી જવાની કાળજીથી રહેનારાઓને પોતાની–દેખાડવાની–નિસ્પૃહતાથી, પોતાના જેવાજ સ્વભાવવાળા, અને લુચ્ચા લફંગાઓને પોતાની હોશીઆરીના વર્ણનથી, નવા નવા કુલ–ધૂર્તવિદ્યા ચલાવવાના સંયોગ આણી આપનારાઓને પોતાની સત્તાનાં આખ્યાનોથી, અને સમય અનુસાર નવીન પિછાનવાળાઓને લાગવગ અને ઓળખાણના સંબંધની સંકલના કરી આપી માખણલાલ મોહ ઉપજાવતો. પ્રસંગાનુસાર ભોળો બનતો, ગરીબ થતો, ચાલાકીના ચોક પૂરતો, શ્રીમંતાઈની સત્તા વર્ણવતો, અને કોઇવાર અમીર તો કોઇવાર ફકીર કહેવડાવવામાં ઘણાં રૂપાંતર થતાં માનતો નહિઃ એ એના સ્વાભાવિક રંગ હતા. દોષ શોધકો માટે નિર્દોષપણાના નિબંધ રચી રાખતો, અને તેમ છતાં જો પકડાઇ જતો તો સત્ય સ્પષ્ટ કહેવાના આકારમાં સઘળી બગભગત્ બનવાની યુક્તિઓનાં પ્રદર્શન ખુલ્લાં કરી સત્યવકતૃત્વની અસર કરવા મથતો. એના સહવાસમાં જેમ જેમ ટીખળચંદ વધારે વસવા લાગ્યો, તેમ તેમ નવા રંગ

ચ્હડવા માંડ્યા. ભાઇથી જુદો રહી થોડા દહાડા માટે સમુદ્રકિનારે નવા બંધાયેલા બંગલામાં રહ્યો. તેમાં આખો દહાડો એ અને માખણુલાલ સલાહ મસલતજ કર્યા કરતા. મોજ શોખ માટે ઉડાવવામાં આવતા પૈસા ટક્કા ટીખળચંદને જ ગજવામાંથી કહાડવા પડતા, તેથી થોડાજ દહાડામાં ઘરેણાં રાખી તેનાપર પૈસા ઉપાડવાનું સૂઝયું. જો કોઇ ગૃહસ્થને ત્યાંથી રુપિયા લેવા જાય તો મળે ખરા, પણ થોડાજ દહાડામાં ભાઇસાહેબે પ્હેડી કહાડી નાંખવાના વિચાર જાહેર કર્યા હતા. આ ચર્ચા ચાલી રહી હતી તેથી કોઈ વિશ્વાસ નહિ કરે તો લાજ જાય એમ હતું. ભાઇની પાસેથી માગવામાં હીણું લાગે. તેથી વિમાસણાં કરી કરી એક વિચાર ઘડી કહાડ્યો.

"ટીખળચંદ, ત્હારો કોઇ એવો મિત્ર પણ નથી, કે આવા વ-
"ખતે કામ આવે ?" માખણુલાલના આ પ્રશ્નથી વિચારમાં પડેલા ટીખળચંદે યાદ કરતાં કરતાં વિજયસિંહને શોધી કહાડ્યો.

"હા, એક છે. તે આપે પણ, એમ માની શકાય છે. કારણ કે,
"એકવાર પ્હેડીપર હુંડીઓ ભરવાની હતી, તેમાં એક દશ હજાર
"રુપિયાની જરૂર હતી. જે વખતે વિજયસિંહની પ્હેડીપરથી હું
"લાવ્યો હતો અને બીજે દહાડે પાછા આપી આવ્યો હતો. એટલું
"યાદ છે. હું ધારૂંછું કે તેના નહિ કહે." પોતેજ એકવાર વ્યાપારના એક કામમાં પરોવાયો તેથી કેટલો લાભ થયો તે નહિ વિચારી અવિચારી ટીખળચંદે પોતાનું ઉંધુ સંગતિથી–કર્યું હતું.

"ત્યારે હમણાં આમ કર–દાગીના બધા–જે આપણે ગીરો રા-
"ખવા ક્હાડ્યા છે તે એને ત્યાં લઇજા. હાલ થોડા દહાડા સાચવવા
"સારૂ આપુંછું એમ કહેજે. મ્હોટા ભાઇને તેમનાતરફથી આ ખબર
"ન પડે તે માટે સાવચેત રહેજે અને પછી બીજે દહાડે રુપિયા લેજે.
"આપણી શોભા રહે અને દાગીના ગિરો રખેલા નહિ ગણાય." આ વાત ટીખળચંદને અનુકૂળ લાગી અને રાત્રી થતાં વિજયસિંહને ઘરે ગયો.

અધોગતિએ ઉતરવું ચ્હડવા કરતાં સ્હેલું છે. કુપથ્ય સ્વાદિષ્ટ છે.

દુર્વિચાર પોતાના બળથી સારા વિચાર કરતાં માનવિના મસ્તકમાં સંગતિરૂપી નિસરણીના આધારે જલદી ચ્હડી આવેછે-જગા પામેછે.

ભાગ્યહીનકો ના મિલે, ભલી બસ્તુકો ભોગ;
દ્રાક્ષ પકનકે સમય પૈં, હોત કાક મુખરોગ,
'બિહારી'

ભાગ્યબળેજ આ મિત્રે ટીખળચંદને પકડયો હોય એમ શંકા થાય તો ખોટું ન્હોતું. એની વય, બીજા સંયોગ અને સંસારમાં આગળ ધક્કેલવાના સાધન ભણી જોતાં ભાગ્યહીનતાવિના આવા અંધકારમાં પાડતું હોય, એમ સંભવે નહિં.

પ્રકરણ ૩.

કુસંગતિનો વિકાસ-કારણ.

ટીખળચંદ વડિલોપાર્જિત શ્રીમન્તાઈમાં ઝૂલતો હતો. એના મ્હોટાભાઇની ઉદારતાથી-એના પ્રત્યે વત્સલ વૃત્તિથી એ લાડઘેલાને આજ લગણુ કાંઈ ફરજ પાડવામાં ન્હોતી આવી. નિરંકુશ સમયના અનુભવે પોતાની મેળે જાહેર વ્યાવહારિક ઉન્નતિ અર્થે કાર્યસાધક બનવા શીખવ્યુ ન્હોતું. પ્હેડીપર કેવળ બેશી બેશીને કુટુંબ ચિંતવન કરવાના અને કદાચ કોઇ મિત્રની મસલતમાં ભાગ લેવા-આ ચીજ ખરીદવાની છે, આ સારી છે, આ ખરાબ છે; એવી મોજ શોખની ખટપટોમાં દિવસ ગુજારવાના સમય શીવાય બીજા એના કરતાં સહજ ઉપયોગી કાર્યમાં ચિત્ત રાખવાને સૂઝતું નહિ. પ્હેડી એના નામથી હતી પણ પોતાને તેમાંની કાંઇ ખબર નહિ. શું કામ થાયછે, શો લાભ હાનિ છે, કેટલી આવક છે, અને કેમ કારભાર ચાલેછે; એ સઘળું તપાસવાને વૃત્તિ કહેતીજ નહિ. મ્હોટાભાઈના રાખેલા વિશ્વાસુ મ્હેતા મુનીમો સઘળું ચલાવતા. જરૂર પડયે મણીલાલને પુછી જોતા

એની સાથે કશી વાતનો સંબંધ નહિ હોવાથી, બધા માણસો બેદરકાર રહેતા. નજીવા કામ માટે પણ કોઇ પ્હેડીના માણસને બેશી રહેલો જોઇ આમતેમ દોડાદોડી કરાવવાની નિરર્થક મ્હેનત આપવાના એના સ્વભાવથી કંટાળતા. જુના નોકરો એના સ્વભાવથી જાણીતા હોવાથી એની સામે બેસતા નહિ અને બેસતા તો પ્હેડીના કામનું બ્હાનું કરી એના કામના અખાડા કરતા. એનાથી વધારે કહી શકાતું નહિ. એ બોલતો ઘણું થોડું, અને બોલે તેટલું લાડકા બચ્ચા જેવી લટકથી. ઘણા મિત્રોથી સહવાસ રાખવો એને પસંદ નહિ હોવાથી પુરુષમંડળમાં વાત કરવાથી જાણે લજ્જા ઉપજતી હોય એમ દીસતું. પ્રખ્યાત થવામાં મહાભારત જોખમ માથે બ્હોરી લેવાં પડેછે માટે તે કરતાં શાન્ત રહેવું વધારે સુલભ હતું. એક જણને સહજ વાત કહેવાની હોય તોપણ ગુપ્તરીતે બોલાવવામાં માજા સચવાતી લાગતી. જો પાસે બેઠેલા બીજા કોઇને પણ તેજ વાત કહેવાની હોય તો તેને બીજીવાર ખાનગીમાં કહેતો પણ બેની સમક્ષ બોલવાને જીભ ઉપડતી નહિ. સહુ કોઇ એમ કહેતા કે, ‘મણિલાલ શેઠ તો ઠીક, પણ ખરા શેઠ તો આપણા ટીખળચંદ.’ નાનપણથી માતાપિતાએ લાડ લડાવ્યાં અને આજ લગણ—પિતા ગત થયા પછી માતાની સલાહથી ચાલનાર પુત્ર અપ્રસિદ્ધ, વ્યાવહારિક જ્ઞાન સંપાદન કરવાને અનધિકારી, ઉદ્ધત છોકરાઓનો ચેષ્ટાપાત્ર થયો હતો એના અભિનય—આકૃતિથી કેટલાકોને ખાનદાનીની કલ્પના થતી. શરીર સૌન્દર્યપર મોહિત થયેલાની પ્રતિમા એકાએક જોનારને આકર્ષતી. સામાન્યભાવ, ઉચ્ચાભિલાષા, અને જગત્ સમસ્તને મિત્રરૂપ ગણવાની સ્વતંત્રતા, તેમજ નિરભિમાન- જાતિભાન કે ગૌરવના સંસ્કાર માટે સન્મિત્ર મળ્યો ન્હોતો. નાનપણમાં નિશાળે જવાની અનિચ્છામાં ખલલ પ્હોંચાડે એવો કોઇ કુટુંબીનો સ્વભાવ ન્હોતો. આવા સ્વભાવમાં કોઇ દુર્વ્યસન, કે બદચાલને ઘુસી જવાને માર્ગ મળ્યો નહિ, પણ પ્રસંગ આવવાને વાર લાગી નહિ. માણસોમાં બેસવાની ટેવ થોડી, તેથી ઘરની ખટપટોમાં માથું મારવાનો અવસર પુરતો મળતો. તેમાં સ્ત્રીઓના સમાગમથી વિવાહ, આગરણી

કે એવા પ્રસંગોમાં શું લ્હેણદેણ થાયછે, તે એનાથી રજ પણ છાનું ન્હોતું. એવી એવી બાબતોમાં વૃદ્ધ ડોસીઓ પણ કોઇવાર એની સલાહ લેવા આવતી. વૈરકશાસ્ત્રના અભ્યાસીને મ્હેણાં મારવાનું એવું તો આવડતું કે તેવી ચતુરતા મેળવવાની જીજ્ઞાસાવાળી સ્ત્રીઓ એના અનુકરણથી ચાલતી—શીખી લેતી.

આમ આપણા ટીખળચંદના નિરર્થક જતા સમય માટે એના સહ્મિત્રોને શોચ હતો, પણ તેવા વિચાર—માર્ગના અભોમિઆને તેમાં સૂઝ ન્હોતી પડતી.

મૃદુ વાદી ખલ મિંતકોં કરહિં ન બુધ ઇતબાર

'બિહારી.

આ વાકયને ભૂલી જઇ વિજયસિંહ નીચેનાં વાકય સાંભળતો હતો "ભાઇ, ત્હારા ગુણોનું કથન કરવા હું ઇચ્છતો નથી, પણ તે ગુણો "જાળવવા અને આપણી મિત્રતા હ્મેશમાટે કાયમ થયેલી જગતની "આંખે નિર્વિઘ્ન બતાવી આપવાજ ઇચ્છુંછું. હમણાં મને એક ન્હાના- "ભાઈ તરીકે સમજો. મિત્રની રીતે માનો, કે ગમે તેમ નિશ્ચય કરો; "પણ આવાં કાર્ય તમારા જેવા એક સત્યમાર્ગીદ્વારા હું કરી શકું "એમ છે. મ્હારા આધાર, મ્હારા અંતઃકરણનો ઉભરો કહાડવાના "મોકળા માર્ગ, અને શુભચિંતક સ્હાયક, જેમાનું તે આપજ છો. "વધારે શું કહું ? આ શીસ તમારા હાથમાં છે. ગમે તો મારો, "જીવાડો, રીબાવો, કે પાળો." વિજયસિંહના દિવાનખાનામાં એની સામે ટીખળચંદ માખણલાલના શીખવેલા શબ્દો પાઠ ભણી જાય તેમ પણ બોલવાના ઢપથી કહેતો હતો.

ભાઈ જેવા નિકટ સંબંધકારક શબ્દથી વિજયસિંહનું મન ઓગળ્યું હતું, પોતાના ગુણોની પ્રશંસા ખરા હૃદયથી થતી હોય એમ ભાઇ શબ્દે શીખવ્યું, અવિચ્છિન્ન મિત્રતા જાળવવાની લાલસાએ બીજા બોલાયલા શબ્દોનો સત્કારથી સંગ્રહ કર્યો, પણ દુઃખકર નિંદાના ભયથી સંશય રહ્યો તેથી હજી ભલામણ બાકી રહી લાગી.

"તમે કહી એતો ખરી વાત, પણ એ બાબતોની જો કોઇપણ

"વખતે કોઇને ખબર પડે તો તમારૂં—મ્હારૂં બન્નેનું મ્હોત સમજવું.
"જુઓ, હું અંતલગી પાળવાની હિમ્મત રાખું, હરીખાઉં નહિં, પણ
"પાછળથી નીચું જોયા જેવું થાય તો તમને કદાચ—કાંઈ નહિ પણ
"મને ભારે પડે."

"આવા નિર્દય ન થાઓ. એકવાર જેને સત્યશુદ્ધ સ્નેહની દૃ-
"ષ્ટિથી જોયો, વિશ્વાસની સમ્પૂર્ણ કુંચી આપી—લીધી, તેનું માઠું થતું
"જોઇ બેશી રહેનાર મિત્ર શું કૃતઘ્ની નહિં ગણાય? નિશ્ચય રાખો
"કે, મિત્રતા અને જીવનના અંતનો સંધીભાગ એકજ સમયે—એ-
"કજ સ્થળે સંગમ પામશે."

"જો જો હો, ઠગાશો તો મૂર્ખ ગણાશો."

"પ્રિય વિજય, જીભ્હા એકવાર બોલેલું નહિં પાળે તો તેને કાપી
"નાખવી બ્હેતર છે. લ્યો, આ વચન." કહી વિજયસિંહને વચન
આપવા ઉઠયો. તેને ત્યાંજ અટકવાની ઇસારત કરી એણે સામી વ-
ધારે ભલામણ કરી.

"તમે, દૃઢ રહેશો?"
"વળી શંકાજ શાની?"
"નક્કી?"

"અરે, નક્કી મારા સાહેબ, એમાં બ્હીવાનું શું છે!" આ ટી-
ખળચંદના કોલકરારોપર સંકલ્પવિકલ્પ થતા હતા, પણ છેવટ સા-
તસો રુપિયાની નોટોનું પડીકું વિજયસિંહે વિશ્વાસપાત્ર થવા આ-
વેલા મિત્રને આપી કહ્યું:—

"ફરી તમે મળતા નથી, તે કૃપા કરી મળતા રહો—બીજે
"ત્રીજે દહાડે તો આપણને કોઇના કાને એ વાત ગઈ નહિ હોય
"તો નિશ્ચિતતા રહે."

"હાજી, તમારો ઉપકાર નહિ ભુલું." કહી ટીખળચંદ જુદો
પડયો. પાછળ રહેલા વિજયસિંહે અંતર્મિત્રની સલાહ લેવા આંખો
મીચી દીધી અને કોચના—હાથપર મસ્તક મિત્રને સ્વસ્થ કરવા ભુજાની
શય્યા આપી મનમાં ગણુગણુવા લાગ્યો.

'નહિ કોઈ ગણે પ્રિય આ તનને,
'સહુ ધાય થવા પ્રિય આ ધનને.'

વળી વિચારવા લાગ્યો. 'હું મનેપણ એમ, એનેપણ એમ, અને આખા જગત્‌ને એમ! ત્યારે સાચું શું? અને જુઠું શું? સાચી શુદ્ધ પ્રીતિ તો નિસ્પૃહ. ત્યારે શું ટીખળચંદ સત્યમિત્ર નહીં? ના ના. એમ તો ન્હોય. પણ શુદ્ધ–અતિ પવિત્ર, ઐક્ય રસથી ભરપૂર; જીવન સાફલ્ય મિત્રતા! ત્હારો વાસતો ચાંપરાજ અને મ્હાડસિંહ જેવાઓમાંજ સાંભળ્યો છે. વર્તમાનમાં જોયોએ નથી, સાંભળ્યોએ નથી; છે નહીં! કોણ જાણે એ ઐક્યદર્શન સમાધી જેવો વિકટ, યોગ જેવો કષ્ટસાધ્ય, અને તપશ્ચર્યાથી પ્રાપ્ત થતા મોક્ષમાર્ગ જેવો દૂર્ગમ હશે! કે કોઇ મહાત્માજ તેને પ્રાપ્ત કરી શકે? હમણા તો મ્હારા અનુભવમાં આવેલા આ ગપાષ્ટિક મિત્રમંડળમાં એવી વૃત્તિ સંમિલનમાં પ્રવૃત્તિથી યોજાયલા કોઇ મિત્રે અન્ય મિત્ર સાથે એવી ઐક્યસમાધીના યોગાસનપર પોતાના હૃદયને સ્થાપિત કર્યું હોય એમ જણાતું નથી. શું થવાતું નહીં હશે? અતિ કઠિન છે; ભલે, ગમે તેમ હો મ્હારે તો એક સદ્મિત્રને શોધી સંસાર યાત્રાના ભોમિયા તરીકે સાથે લેવો, લેવોજ. અને જગત્‌ની આંખે બતાવી આપવું કે, સર્વ પ્રકૃતિ સંમિલન–ઐક્યભાવ નિસ્સંશય મિત્રતાની નાસ્તિકતા માનવાવાળાઓને ખોટા પાડવા માટે આ જમાનામાં પણ માનવામાં આવેછે તેમ દાખલા મળવા દુર્લભ નથી.'

શુદ્ધમૈત્રી–ઐક્યભાવને સત્ય વર્તન સમ્પુટમાં પૂરવાની લાલસાએ મન–અશ્વની લગામ ખેંચી, નિશ્ચયાત્મક બુદ્ધિયે જીજ્ઞાશા રસમાં વિકૃતિ કરતા પદાર્થોને રસાયણિક ક્રિયાપેઠે વિચારોને શુદ્ધ અને સરળ બનાવ્યા; અને એ નિર્ણયે મસ્તકમાં થઇ શરીરમાં–રગોરગમાં પ્રસરી શાન્તિ આપી. તેના બળે નિદ્રાદેવી પણ તત્પર થઇ, અને મિત્રના પ્રતિબિમ્બને નયનકમળમાં બીડી દીધું. દ્વીબિમ્બ પ્રતિમાઓ અંતર્ઐક્ત્ર થઈ હૃદય સમ્પુટમાં પ્રતિષ્ઠા પામી, પણ નિષ્કપટ અંતઃક-

રણુને અનુભવે શીખવ્યું ન્હોતું કે, કૃત્રિમ શબ્દોમાં રસ પૂરવાની કુશળતાથી ધૂર્તજનો કેટલા કળાસંપન્ન હોયછે! વિચારમાં ને વિચારમાં હાથપગ કોચપર પસર્યા અને જાણે કહેતા હોય કે, 'આપણે ભલા તો આખી દુનિયાં ભલી!' એમ સઘળા અવયવ ધર્મ બજાવતા બંદ થયા. આત્મા નિર્લેપ હતો, જેથી શારીર—દેશમાં રાત્રી પડી અને ક્રિયાશૂન્ય અવયવોને આશ્વાસન આપવા એ રાત્રી સંબોધવા લાગી કે, 'આ જગત્માં જે ખમ્યું અને જોયું એજ સાફલ્ય.'

પ્રકરણ ૪.

સંયોગ લાવનાર વિધીજ છે!

સુમિત્ર ભાગ્યોદયથકી, દુર્ભાગ્યે કુસ્નેહ,
ભાગ્ય—કાર્ય સંયોગથી; સુખદુઃખ લાવે એહ.

સવારના ઉઠી ટીખળચંદ માખણલાલને ઘેર એનાં દર્શન કરવા અવશ્ય જતો. આજે વ્હેલો ઉઠી આવતો જોઇ માખણલાલ મનમાં—મૂછમાં હશ્યો. પોતાને ભાગ્યશાળી અને પ્રતાપી ગણવા લાગ્યો. આ ઉભય મિત્રના સ્નેહમાં જ્યારથી સાનુકૂળતા ભાસવા માંડી હતી, ત્યારથી સઘળા હિસાબ અને પૈસા ટકા માખણલાલનેજ હાથે પ્રત્યેક વ્યવહારમાં ખરચાતા. ટીખળચંદ લાવતો અને એ રાખતો. માનવગરનો થઇ, કોઇની મુખ-પ્રશંસા કરી, આડા અવળા સમજણના બંધ બેસાડી ઉદરપૂર્તિ કરનાર આજે લાડકા શેઠના આશ્રયમાં—પણ સરદારી ભોગવવાની મોજમાં—હતો, તેને આજે નવિન શુભ સમાચાર સાંભળવાની આશાએ આનંદ આવ્યો. અસ્થાને જતા માન્યભાવે એની આંખ સહજ ઉંચી કરાવી.

"કેમ ટીખળચંદ શી નવાજુની?"

" મ્હોટાભાઇ, આજે-રાત્રે વિજયસિંહ પાસેથી આણેલા સાતસો
" રૂપિયા લાવ્યો છું." કહી નોટોનું પડીકું આપ્યું. "હવે તો આપણા
" છક્કાજ છે. થોડા દહાડા છે, મ્હેડીના હિસાબને; તે થશે એટલે પં-
" ચાત પતી. મણીલાલભાઈ ભલે કહેછે, પણ આપણે કાંઇ-હવે વ્યાપા-
" રમાં ઘસડાવાના નથી. આપણું કામ નિર્વિઘ્ન ચાલે, અને ભાઇપણ
" સંતોષથી બેસવા આપે, એમ હવે આશા જેવું લાગતું નથી. તો
" એ ભાઈ શા કામના ?"

"હાસ્તો, વળી. જે પોતાને ઇચ્છે તે ભાઇ, બાકી બીજી બધી
"સ્વાર્થની સગાઇ." માખણલાલે અનુસરતોજ શુર પૂર્યો.

"બીજું, આપણે વિજયસિંહ પાસેથી પાનસો રુપિયા પરમ
" દહાડે લાવ્યા. તેથી અગાઉ એને ત્યાં આપણાં ઘરેણાં રાખ્યાં-તે
" તો વિશ્વાસુ બનવામાટેજ કેમ, હવે તે આવીગયા-એક વીંટી રહી
" છે તેના બદલામાં રુપિયા આઠસો કાપી લેશું. ભાઇને ત્યાં જે કાંઇ
"આપણું હતું તે બંગલે લાવી રાખ્યું છે. તે હવે સમજાવવા આવશે
"તો આપણે બોલવાના નથી અને વ્યવહાર-કોઈપણ સંબંધ રાખ-
" વાના નથી. ભાઇથી છૂટા રહી આપણે આપણું સાચવ્યું એટલે થયું.
" વિજયસિંહે તો કહ્યું કે, ભાઇની સાથે બગાડવામાં સાર નથી પણ
" પરતંત્ર કેટલા દહાડા રહેવું !"

પોતાના આપેલા બોધથી આવા આવા નિચાર પ્રવેશ કરી ગ-
ચેલા જોઇ, પોતાની ચમત્કારિક કાપટ્ય બુદ્ધિને અંતઃકરણથી વખાણી
આશીર્વાદ આપતો માખણલાલ આ સર્વ સાંભળતો, એના સામું જોઇ
રહ્યો હતો. તે " એક વાતની ચિંતા થાયછે." એ વાકયનો અર્થ સમ-
જવા આતુર બન્યો, બોલ્યો નહીં. "ગઈકાલથી મ્હારા ઘરમાં-મ્હારી
સ્ત્રીને સહજ બીમારી છે. દવા તો અપાવીયે છીયે પણ શાન્તિ નથી."

ટીખળચંદની સ્ત્રીની માંદગીએ ભયંકર રૂપ પકડ્યાને બે ત્રણ દી-
વસ વીતી ગયા હતા. કોઇ પૂછપરછ કરનાર નહી. મણીલાલને એ-
નાપર અભાવ આવી ગયો હતો, જેથી તે એને ઘેર આવતો નહીં અને

માખણુલાલના ચક્રપર ચ્હડેલા ટીખળચંદને તેનું ભાન રહ્યું નહીં. માખણુલાલનો દર અઠવાડિયે નાટક જોવા જવાનો શોખ એજ પૂરો પાડતો હતો. બન્ને જણુ બેઠા હતા અને વિચાર થયો કે, નાટક જોવા જવું, હાલના મિત્રવર્ગને સાથે લેવા; વિજયસિંહને પાંચ ટીકીટો રીઝર્વ્ડ મંગાવી લેવા કૂહાવ્યું.

રાત્રે જમી રહી બધા એકઠા થયા. નવ વાગ્યા હતા અને સર્વ મિત્રો નાટક જોવા જવા સજ્જ હતા તેમને માટે બે ગાડી હાજર થઈ હતી. દુર્દમસિંહની ગાડીમાં દુર્દમસિંહ અને ટીખળચંદ બેઠા; શીવગણુ માખણુલાલ અને વિજયસિંહ; વિજયસિંહની ગાડીમાં બેઠા. ગાડીપરના વિચિત્ર–વિપરીત ભારને ખેંચતાં કાયર બનતો હોય એમ પીઠ ચમકાવતો ફૂરૂકતા અંગને સંકોચતો, કમકમતો ચીરડાતો હોય એમ મ્હોં ઉંચું નીચું કરતો, આધીન રહેવાની ફરજથી બંધાયલો નરપશુ–ઘોડો હાંકનારને અનુકૂળ થતો મ્હોટી મ્હોટી ફાળ ભરતો મુંબાઇથી નવી મંગાવેલી રબરટાયરવાળી મેલકૉચ–ગાડીને ફૂલ જેવી હલકી ગણતો હોય એમ ગર્વથી મ્હોટા રસ્તાપર દોડી જતો હતો. પાછળ દુર્દમસિંહની લગામ નીચે નવો ટટ્ટૂ નાચતો રમતો જતો હતો. નાટ્યગૃહ આવ્યું. બધા ઉતર્યા અને અંદર ગયા. માખણુલાલ અને ટીખળચંદે પાસે પાસેની બેઠકો લીધી. આ બે જણુ શિવાયનું પ્રેક્ષકમંડળ સ્થિર ચિત્તથી સચિત્ર થતા સાંસારિક નાટકમાં લીન હતું. એમની છાની વાતો પાસે બેઠેલાથી નહીં સાંભળી શકાય એટલી ધીમી, સાંભળનારથી નહીં સમજાય એવી ઉપલક ભાષામાં, અને સમજનારથી પણુ નહીં નિવારાય એવી દૃઢાગ્રહી હતી. એ વાતોમાંથી મુક્ત થઇ ઘડિકમાં વિજયસિંહ ભણી ફરી ટીખળચંદ વાતો કરતો. આ જગત્‌માં કાંઇક સારાં કાર્યો કરવાની ઉચ્ચાભિલાષાઓ–આ સાંભળનારને રુચિકર–પૂર્ણ કરવાની ઇચ્છા આશા બતાવી, પોતે એના કાકાના છોકરાનો શાળો થાય, એવી યાદીને તાજી કરવા માટે પુનરૂક્તિની પેઠે સંબંધ નિકટતા બતાવવા માખણુલાલે ગુપ્તમંત્રો સૂચવ્યા તે પ્રમાણે થયું. ટીખળચંદે

વિચાર્યું કે 'હવે સંબંધને સ્પષ્ટ કરવાની કશી જરૂર રહી નથી. વિજયસિંહ તો આપણોજ થઇ રહ્યો છે' કેટલીક યુક્તિ પ્રયુક્તિઓ માખણલાલે એને એવી રચી આપી હતી કે, તેમાં એક શબ્દ પણ ભૂલ્યાવિના બોલવાથી વિજયસિંહ જેવાના ચપળ મનની લગામ પણ સ્વહસ્ત કરી લેવામાં કાંઇ વિકટ ન લાગે.

ગુણમાં અવગુણ ભાસતો, અવગુણ ગુણ દેખાય;
વિપરીત ફળ શુક ભોગવે, બંધન જો બોલાય.

કોઈક ડાહ્યા પુરૂષના ગુણમાં પણ અવગુણરૂપ ફળ એવી અંતરીક્ષ રીતે પેસી ગયેલો કોઇ કોઈ વાર જોવામાં આવેછે કે, દુષ્ટ વિચારોથી ઉદ્ભવેલા કુવિચારથી ઘડાયલા દુર્ગુણી–સ્વહિત માટે સુગુણી નિવડતા–વિચાર તેને પાછળ હઠાવી સ્વસત્તાબળે સત્વગુણને હીન પદમાં જોઈ હસેછે, તેમ માખણલાલના કુવિચારથી ભરેલા પ્રયાસ સ્વાર્થસાધક બની સ્ફુર્તા હતા. એ પ્રયાસનો હરીફ હજી કોઈ ન્હોતો દેખાતો, પણ ધારવામાં આવતું હતું કે, એ પણ એક જાતિની દૂધના ક્રોધથી ઉભરાતા ફીણ જેવો છે. વળીઃ–

* **रहस्यभेदो याञ्चा च नैष्ठुर्यं चलचित्तता ।**
क्रोधो निःसत्यता द्यूतमेतन्मित्रस्य दूषणम् ॥

આ સઘળા પ્રસંગ પડ્યા પેહેલાં અથવા પછી કોઈ પણ વખતે જણાઇ આવતાં એનાં દૂષણો પણ એવીજ રીતે હાલ નિર્ભય અને ગુણરૂપ હતાં.

નાટકની સમાપ્તિ થયા ‍પ્હેલાં આ મંડળ ઉઠ્યું. પોતપોતાને ઘેર જવા માર્ગમાં ફૂટતા રસ્તાઓ આવ્યા ત્યાં છૂટા પડ્યા. ટીખળચંદ અને માખણલાલ બન્ને બંગલે સૂવા જવાના હતા, તે બધાથી જૂદા પડ્યા. માર્ગમાં એ બે મિત્રો પ્રેમના આવેશમાં આવી અન્યોઅન્ય ચુમ્બન ઝીલી કૃતાર્થ થયા. એક કહે 'તમે હોશીયાર,' બીજો કહે

* ગુપ્ત વાતને પ્રકાશ કરવી, યાચના કર્યા કરવી, ક્રૂરતા રાખવી, ચિત્ત ચપળ રાખવું, ક્રોધ કરવો, ખોટું બોલવું અને જુગાર રમવો, એ મિત્રનાં દૂષણો છે.

'તમે સારા સલાહકાર, પ્રિય છો; હું તમારો અને તમે મ્હારા હિતેચ્છુ છો. એમ અંતરઆત્મા પરસ્પર કહેછે.' આદિ વાતોથી એક બીજાને વધાવ્યા. છેવટ સૂધી વફાદાર, ગુપ્ત અને અતિશુદ્ધ રહેવાનો કરાર-વિજયસિંહને પ્રતિજ્ઞા આપી-લઇ નાટકશાળામાં વાતો કરતાં-થયા હતા. તે વાતો નીકળી અને આનંદમાં ને આનંદમાં-નહીં જણાય એટલા વખતમાં સ્થાનકે પ્હોંચ્યા.

સહવારના મળસ્કામાં બે મિત્રો વચ્ચે ગપગપાટા ઉડતા હતા. દાતણ ચાવતા-ઘસતા, એક બીજા સામે ઘડિક મલકાતા મુખથી જોતા, બંગલાના ઓટલાપર બેઠા હતા; એવામાં પ્રેમાનંદ હાંપૂતો હાંફતો આવ્યો અને ટીખળચંદની સ્ત્રીને પ્રસવ થવાનો સમય નજીક હોવાથી એમ ધારવામાં આવ્યું કે, કાંઇક વધામણાં હશે, પણ તેને બદલે ભાગ્યદેવીના મરણ પથારીના સમાચાર સાંભળી ટીખળચંદના હોંસકોંસ ઉડી ગયા. વખતસર સારવારની સગવડ નહીં રહ્યાથી માંદગી વધી ગઈ અને ભયંકર રૂપ પકડ્યું. પાછળથી મણીલાલ જઇ પહોંચ્યો હતો તેણે ઘણુંક ઓષડ વેસડ કર્યાં, વૈદ્ય ડાકટરો બોલાવ્યા, પણ સઘળું વ્યર્થ. સ્વપ્નવત્ સંસારની અંત્ય ઘડી આવતાં ટીખળચંદને ખબર પડી અને શ્વાસના છેલ્લા પલકારા સમયે ભાગ્યદેવીનું કરમાઇ ગયેલું મુખ જોવા જેટલો માત્ર વખત મળતાં એ નાશવંત જગત્‌ને ત્યજી ગઈ. ટીખળચંદપર સંસાર નિરાશાની છાપ પડી. ઉદાસીમાં રહેનાર મિત્રને આશ્વાસન આપનાર મિત્ર માખણલાલ શીવાય મળ્યો નહિ. એ એના શોકમાં ભાગ લેતો. વિજયસિંહ એના દુઃખને દૂર કરવા પ્રયત્ન કરતો, વ્યવહાર ચતુર એના દુઃખ ભણી જોવા સુદ્ધાં ઇચ્છતો નહિ, દુર્દમસિંહ શોચ નહિ કરવા સમજાવતો, અને બીજા મિત્રો સ્વભાવાનુસાર વર્તતા. એક વખત એ વિજયસિંહ પાસે રોદડાં રડ્યો, અને શોક કરતો બોલ્યોઃ—

"ભાઇ વિજયસિંહ, એની પ્રીતિ મને એક ઘડી પણ વીસરતી
"નથી. શું કરૂં ? જાગૃતમાં પણ એ, અને સ્વપ્નમાં પણ એ ! જાણે
"આંખો આગળ ફરતીજ હોય એવી ભ્રમણા થઇ આવે છે. એક

"પળ પણ વિસારે પાડી શકાતી નથી, વાત કરતાં ગળગળો થાઉં "છું. શું એના પ્યારની સીમા! એનું લાવણ્ય, એની કાન્તિ, એનાં "મધુર વચન, એના સદ્ગુણ; ખરૂં પૂછો તો મ્હારાં સર્વ સારાવાનાં "એનાથીજ હતાં. હા! તે ગઈ, મારું સુખસાધન સાથે લઈ ગઇ. "અરે! એના પ્રતાપથીજ મ્હારાં સઘળાં કાર્ય સિદ્ધ થતાં. હવે હું "શું કરૂ?" આમ ક્‌હેતો ક્‌હેતો આખોમાં પાણી આણી વિજયસિંહના ખભાપર માથું રાખી ન્હાના બાળકની પેઠે રોયો.

"આ શું, આ શું, રડેછે શું એમાં! સઉ સારૂંજ થશે. શોક કરવાથી શું વળવાનું?" વિજયસિંહ એને ચુપ રાખવા લાગ્યો.

"તમને તો તેનું કાંઈ નહિ, મ્હારાતો જીવમાં જીવન નથી. "તમે મ્હારા મિત્ર થઈ મ્હારા દુઃખનો શોક નથી રાખતા? શું ત"મને આ શોક નથી જણાતો?"

"ભાઇસાહેબ, આવી રીતે મને કહો છો તે ઠીક, પણ બીજા "કોઇને કહેશો તો પાણી થશે હોં!" વિજયસિંહે સ્પષ્ટવક્તાનું કામ કર્યું, પણ આવી રીતે સ્નેહમાં આવી જવાથી થતા ઉદ્ગાર એને ઉલટીજ અસર કરતા અને એમજ આવતું કે, આવી આફતની વેળાએ પણ એમને મશ્કરી સૂઝે છે. આમ પત્નિમરણનું દુઃખ ટીખળચંદને થોડા દ્‌હાડા ચાલ્યું. દ્‌હાડા ગત થતા ગયા તેમ શોક વિસારે પડવા લાગ્યો. નવી સ્ત્રી પરણવાને માખણલાલની સલાહ લીધી. તેણે કહ્યું કે, "ભાઇને એ વિશે કાંઈ પૂછવાની જરૂર નથી કારણ કે, "તમારી સ્ત્રીના મરણ કાળે એ આવ્યો. જ્યાં સૂધી માંદગી અતિ "વધી ગઈ, અને ભાઇની મદદ જરૂરની હતી, તે વખતે ભાઈ તે "સ્વાર્થની સગાઇ તેને હવે કોણ પૂછવા જાયછે! ચાલ મ્હારા ભાઈ "બધુંયે થઇ રહેશે." આવા આવા ઉત્તેજક શબ્દોથી એના વિચારચક્રના વેગને બળમળતો. દોડાદોડ કરી, કેટલાક દ્‌હાડા પરણવાને ફાંફાં માર્યાં અને મ્હોટા ભાઇથી ગુપ્ત રીતે ઘણેક ઠેકાણે ક્‌હાવ્યું પણ પ્રતિષ્ઠા મણીલાલ શીવાય બીજા કોઇની કામ આવતી નહિ, મ-

ણીલાલ એને અનુભવ આપવા ચુપ રહ્યો હતો. એની પાસે આવનાર જનાર માણસો ક્‌હેતા કે, ન્હાના ભાઇને ફરી કાં નથી પરણાવતા? તમારા જેવા શ્રીમન્તને મળવી દુર્લભતો નથી.” ભટ્ટ બ્રાહ્મણો ઘરે આવી કુટુંબની બુઢ્ઢી ઘરડી સ્ત્રીઓ અને નિકટના સંબંધીઓ દ્વારા–કન્યા શોધી લાવી ઇનામ મેળવવાની આશાથી મણીલાલને કાને વાત પ્હોંચાડવા પ્રયત્ન કરતા. એક તરફ ફાંફાં મારતા ટીખળચંદને વધારે ને વધારે બળ આપનાર માખણલાલ જય પામતો હતો, જ્યારે મણીલાલના મનથી એ ત્યાજ્ય ગણાવા લાગ્યો. માખણલાલની દુષ્ટ મિત્રતાના છાંટા એને ભીંજવી નાંખતા હતા. એ રુચીકર દુષ્ટતા એને અમૃત જેવી લાગતી. સંસારના અનુભવનો આરંભ–એ અનુભવની આશાના ઉત્સાહીને બધું ઠીકજ લાગતું. સંસારારણ્યમાં પ્રવેશ કરતાં જ જેવી વૃત્તિવાળા–વર્ગના સાથીઓ મળેછે તેવાઓમાંથી તેઓને યોગ્ય હોય તેજ રસ્તાઓ શીખી શકાય છે. ભવિષ્યના વિચાર ઉછ્રંખલ અવસ્થામાં નહિં ફાવતા હોય એમ જણાય છે. આવા વય અને કાર્ય પ્રસંગાદિથી જડ ઘાલી બેસતા સંસ્કાર બુદ્ધિને માર્ગ આપતા નથી.

સ્ત્રીના મરણ પછી જ્યારે એ ગ્લાનિ એના મુખપર ર્‌હેતી હતી, તે સમયમાં દુર્દમસિંહના “આર્યૌષધોત્તેજક આરોગ્યભુવન” માં એક દિવસ વિજયસિંહ સહજ મળવા આવેલો બેઠો હતો, તેને જોઇ ‘પોતાને શોક થયો છે એમ બતાવી આપવા દુર્દમસિંહને ખાનગીમાં બોલાવી વાત કરી પાછો બ્હાર આવ્યો. વિજયસિંહે તેમાં કાંઇ પણ મર્મ જેવું માન્યું નહિ. કાંઇ સહજ હશે જાણી ગણકાર્યું નહિ, પણ એણે દુર્દમસિંહને કહી રાખ્યું હતું કે, ‘વિજયસિંહ પાસે કોઇ યુક્તિથી વાતમાં ને વાતમાં શોકજન્ય સમાચાર કહેવા.’ એ ગયો એટલે સામાન્ય ભાવથી દુર્દમસિંહે વિજયસિંહને અંદર તેડી જઇ એણે જે પત્નિ પાછળ શોકમાં વિષખાઈ મરવાનો વિચાર કરયો હતો અને તેમાં કેવી રીતે કરવું એ આદિ સલાહ લીધી હતી તે કહ્યું. આવી રીતે

સલાહ લેવામાં માત્ર પોતાની ભોળાઇ અને પ્રેમાળ સ્વભાવ બતાવી આપવાનુંજ પ્રયત્ન હતું એમ વિજયસિંહ સમજ્યો. થોડા દિવસ પછી જ્યારે એને પરણવાનો વિચાર થયો ત્યારે એ શોક દેખીતી રીતે પણ રાખી શકાયો નહિ. ટીખળચંદ ફાંફાં મારતો પોતાના વડિલોની લાજ પ્રમાણે કુળવાન કન્યા મેળવવાની મ્હેનતથી હાંફ્યો-વિરામ્યો. અને મ્હોટા ભાઈની સલાહ સાંભળ્યા વિના બીજો માર્ગ શોધી ન શકાયો ત્યારે સ્વકુળ ગૌરવે એના વિચારોમાં 'ભાઈ તે ભાઇજ, બીજી સ્વાર્થની સગાઈ.' એ બોધપાઠનાં વચન અંતરીક્ષ રેડ્યાં. અનુપાય નવા મંત્રીને પણ એજ ભલામણ કરવાની ફરજ પડી.

પ્રકરણ ૫.

નિર્દોષમંડળ; સદ્‌મિત્રસંસ્કાર.

સ્વદેશી મ્હોલાના મધ્ય ચોકમાં એક ઠેકાણે કોઈ કોઈ વાર મણીલાલ આવતો હતો. તેની સાથે ફરી સંપ થાય એટલા માટે ટીખળચંદે પોતાના મિત્ર દુર્દમસિંહ પાસે વધારે આવવાનું શરૂ કર્યું. દુર્દમસિંહનું ઔષધાલય એ ચોકમાં હતું.

સાયંકાળના ઠંડા મંદ પવનથી પ્રાણીઓને સુખ આપતા દિવસના ત્રીજા પ્હોરના સમયે ઉદ્યોગમાંથી પરવારતા વ્યાપારીઓ ઘરભણી વળતાં વચમાં કોઈની દુકાને વાત કરતા ઉભા, કોઇ ફરવા નીકળ્યા, કોઇ સ્વાર્થ-નિસ્વાર્થની, વિચિત્ર કે નવિન વર્તમાનપત્રમાં વાંચેલી સાંભળેલી સંભળાવવા-સાંભળવા લાગ્યા. સમય રમણીય હતો. જ્યાં ત્યાં ગાંધી શીવાય વેપારી વર્ગના, કામદાર-મજૂર વર્ગ અને બીજા સર્વ મનુષ્ય દેખાતા તે બધા આખા દહાડાની જગત જાળને ઘડિક વિસારે પાડવાની ઇચ્છાથીજ ફરતા હોય એમ જણાતું

હતું. કોઇ હાસ્યમાં, કોઇ અનેક રંગી દુનિયાને જોવામાં અને કોઇ આત્મઉત્સાહમાંજ મગ્ન હતા. આ ચૌટામાં ગાંધીઓની દુકાન છે. તે સઘળાની દેખરેખ રાખવાનેજ નિર્માયલો હોય એવો એક આનંદી સ્થળ છે. એ મુખસ્થાન આગળ ફરવાને સહજ જતા આવતા માણુસો તો શું પણ કામે જતા ઉતાવળા માણુસ પણ થોભવા, જરી જોઈ લેવા-ઉભા રહેવા લોભાતા. દુર્દમસિંહના ઔષધાલયની સામે એક ગપાનંદ નામના બ્રાહ્મણુની બેઠક માટે રાખેલી દુકાન છે. આ ગપાલયના ખબરપત્રીઓ ઘણા હતા. મ્હારાજને બીજા વાત કરનાર એક સામા માણુસ વિના ચેન પડતું નહીં, તેથી ઘણું કરીને એક બે અવનવા માણુસોની ત્યાં હાજરી આખો દહાડો રહેતી. આ ગપમંડળના પ્રત્યેક મેમ્બરથી દિવસમાં એકવાર પોતાના આ ઇષ્ટ થયેલા સ્થાને આવી ગયા વગર રહેવાતું નહીં. ઘણાક પ્રકારના-નીતિ, રીતિ, અને બુદ્ધિના-માણુસો અહીં જોવામાં આવતા. વૈદ્ય; ડૉકટર; જ્યોતિષી; જાદૂગર; રસાયણી-ક્રિયાઓને જાણુવાવાળા; અર્થ, પદાર્થ, ભૂતળ, ભૂસ્તરવિદ્યા, વનસ્પતિશાસ્ત્ર ઇત્યાદિમાં આગળ વધવાની ઇચ્છાથી વળગી રહેલા અને જ્ઞાની પ્રોફેસર; બ્રહ્મવેત્તા, તેમજ કેટલાક કુશળ બુદ્ધિમાનોનો સત્કાર કરવામાં ગપાનંદ મ્હારાજ આનંદ ભોગવતો. દિવસમાં અનેક ભાષણો અને ન્યાય-નિર્ણય થતા. વિધવિધ શંકાઓ નિવારણ કરવા માટે અનેક જીજ્ઞાસુઓ એ સ્થળને ન્યાયમંદિર ગણી આવતા. ગપાનંદની સ્મરણુપોથીમાં નોંધાવતા. એ તેના લગતા વિદ્વાનને સૂચવતો અને યોગ્યાયોગ્ય-સત્યને ગાળી સ્પષ્ટ કરતા. અસત્યનો તિરસ્કાર અને દ્વેષ થતો. બે જણુના વાદવિવાદમાં ચાર ભાગ પાડી અમુક અમુક રીતે બન્નેની વાત સાચી અને અમુક રીતિઓમાં બેની વાતમાં જુઠું છે એમ સ્ફૂટ સમજાવવામાં આવતુ. ‘ગપમંડળ’ નાં બંધારણ ગપાનંદપાસે પુષ્કળ ઘડી કહાડેલાં તૈયાર હતાં. તેમાં યોગ્ય સંયોગોમાં યોગ્ય ફેરફાર થતો. ગપાનંદનો મુખ્ય મિત્ર અથવા અધિક સ્નેહી કોઇ ન્હોતો. સમાનદૃષ્ટિથી જોઈ ઇષ્ટ શોધવામાંજ એ

આનંદ માનતો. ગરીબ, તવંગર, વૃદ્ધ, યુવક, ગમે તે સ્થીતિ, વય અને સ્વભાવવાળો એની પાસે એના જેવોજ થઈ રહેતો. મંડળના સભાસદોમાં મંડળનાજ સંબંધ–સ્નેહ ને પ્રમાણીક માની વ્યવહાર–આપલે કરવાની મનાઇ હતી. જેઓ વ્યવહારથી જોડાયલા હોય અથવા જોડાય તો તે સંબંધી વાતની અહીં આવી ચર્ચા ચલાવા દેવામાં આવતી નહીં. નિર્દોષમંડળમાં નિસ્વાર્થ જનકલ્યાણની ચિંતાઓ વિના બીજું બધું આનંદપ્રવર્તન અને નિશ્ચિંતઆહ્લાદિત વાતોનુંજ વિવેચન થતું. નિરસ બોલનારને માન અપાતું નહિ, તેથી માર્ગપર જનાર આવનારથી પણ સત્વવાળા ગપના જેટલા શબ્દ સંભળાય તેટલા સાંભળી લેવા કરણેન્દ્રિયને સચેત રાખી એકપળ ઉભું રહેવા ઇચ્છા થતી. કાંઇ નવીન ખબર લાવે, અલૌકિક વાત કહાડે તો તેના સત્કારમાં મ્હારાજ ચુકતા નહીં. સારવગરની વાત કરનારને તરત કહેવામાં આવતું કે, " મ્હેરબાની કરીને ચુપચાપ બેશી રહો. બીજાને વાત કરવા દ્યો. તેમ નહિ તો વટાણા વાળી જાવ." પછી સામો માણસ શ્રીમન્ત હો કે ધીમન્ત. આમ કહેવાથી કાંઇ અપમાન જેવું મનાતું નહીં. પ્રતિદિનના જેમ આજે પણ ગપાલય ગાજી રહ્યું હતું. વૈદ્ય દુર્દમસિંહ અને પ્રખ્યાત લેખક મપૂતલાલ બેઠા હતા. વિદ્યાના વ્યસનમાં પ્રમાદના આવરણના સંયોગે મુરારીલાલ ઘસડાઇ ગયો હતો તેથી એને કોઇ કોઈ મુફતલાલ કહીને બોલવતા. નગર ચર્ચાનાં પ્રકરણ ચાલતાં હતાં.

દુર્દમસિંહ નાનપણમાંજ વૈદ્યકમાં પ્રવર્ત થયો હતો, અને હમણાએ સ્વદેશી મ્હોલાના ઘણાખરા ગૃહસ્થોનો જાણીતો અને માનીતો થયો. એનો સ્વભાવ ટળે નહીં એવો સહજ હઠવાદી હતો. કોઇપણ બાબત એને નિસ્સંશય લાગતી નહીં, અને કોઇવાર ટુંકા વિચારનો ભોગ થતો. યોગ્યાયોગ્ય સલાહ જો યુક્તિથી આપવામાં આવે તો સ્વીકારતો, પણ સાદી રીતે–વિચાર અને ક્રમવાર કારણ બતાવ્યાવિના–માત્ર નિર્ણયનો વાકય સાંભળવાથી શોધી કાઢે એવી બુદ્ધિ

કોઇકવાર ગુંચવાતી અને હારતી. એવા સ્વભાવને સ્વતંત્રતા જાળવવાની જીજ્ઞાશા અને તેના આશ્રયથી નિશ્વાર્થબુદ્ધિ વરી હતી. નિર્દોષમંડળમાં એવો ધારો હતો કે, 'જેમ સામા માણુસની ભૂલ કહી બતાવવી તેમજ ભૂલ સ્વીકારવી. 'હું કહું તે ભૂલ હોય નહીં.' એમ નહિ સમજતાં કાંઇપણુ અંશે સામા માણુસે સંભળાવેલી ભૂલ પોતાનાં આચરણોમાં શોધી કહાડવી અને ટાળવી. આ ન્યાય દુર્દમસિંહને અનુકૂળ અને ઉચ્ચ ગતિ આપનાર જણાયાથી વિવિધ પ્રકારનાં મંડળોમાં ભળવાથી નહિ અનુભવેલી દૃઢતા જોવામાં આવી. નાનપણુમાંજ માતાપિતા સ્વર્ગીય થયા કેડે કાકાએ ઉછેરી મોટો કર્યો હતો. એક ચિંતા એને અહર્નિશ હેતી તે એજ કે, 'હું કોઇનો આશ્રયસ્થ નહિં કહેવાઊં.' આ ચિંતાએ એનામાં ઉદ્યોગી રહેવાની ખંત અને કળાઓને ખીલવી હતી. પ્રથમ થોડા દહાડા એક અનુભવી વૈદ્ય પાસે-જતો. જેમ વયે, બુદ્ધિયે અને જ્ઞાને વધતો ગયો તેમ વિદ્વાન વૈદ્યોની અને ડાકટરોની પ્રશંસા આદિ સાધક ગુણોદ્વારા ઉદ્યોગમાં પણ ખીલ્યો હતો.

આજે દુર્દમસિંહ પાસે ટીખળચંદ આવ્યો, તે એના ઔષધાલયમાં જવા તે તરફ વળ્યો, તે જોઇ એ પણ ગયો. થોડી વારમાં મણીલાલ ગપાલયની મુલાકાત લેવા આવ્યો. બારીમાં બેઠેલા ટીખળચંદને એ જોઇ શકતો હતો. સહોદર-સ્નેહ ઉભરાયો અને વિચાર આવ્યો કે, 'નાદાનની સામે ઉછૃંખળતા રાખવામાં આપણો અને તેનો સ્વાર્થ એમ બન્ને નષ્ટ થાયછે. પાસે બોલાવીને ઘેર આવવાની ટીખળચંદને ભલામણ કરી, યોગ્ય કન્યાથી લગ્ન કરવાની વાત કહી. એને ગમી અને થોડા દિવસ પર લગ્નમુહૂર્ત જોષીને ત્યાં પૂછાવ્યું. ટીખળચંદના પૈસા ઉરાડી નાખવામાં માખણુલાલ અચકતો નહીં. હમણુા એને પૈસાની ગરજ પડી. ફરી પણ વિજયસિંહ સાંભર્યો, લગ્નના દિવસને થોડા દહાડા બાકી હતા ત્યારે વિજયસિંહ પાસે રાખેલા દાગીના ટીખળચંદ લઇ આવ્યો અને હજી વધારે રુપિયા માગવાની

હીમત પકડી. અને ઘરેણાં તો વિવાહ પ્રસંગ હોવાથી લઇ જવાં પડેછે એમ ભાવ બતાવી હજી કોઇ સારા કીમતી દાગીનાની આ પ્રસંગે જરૂર છે એમ બતાવ્યું. વિજયસિંહને મિત્ર રહસ્યના ચક્રપર માખણલાલની શીખવેલી વાર્તા–યુક્તિથી ચ્હડાવી એક ચાર સરવાળી સુન્દર મૌક્તિકમાળા વાપરવા લીધી અને બે હજાર રુપિયા માગ્યા.

"શું કરૂ? સમય બળવાન્ છે! આમ કરવાની ફરજ પણ એજ "સમય પાડેછે. નહિ, તો આવા હાર હું સહજ લઇ શકું. ભાઇથી "છૂટો પડ્યો તેથી તમારી પાસેથી લીધેલા રુપિયા બધા ખર્ચાઈ "ગયા–તેપણ આપવા તો ખરાજ. આ તો આટલો મારાપર તમારો "વિશ્વાસ છે, તો મને ઓથ છે, નહિ તો હું કોને જઇ કહું? તમારો "મારાપર પક્ષપાત છે તે કાયમ રહે, અને મ્હોટાભાઇથી ગુપ્ત આ "બધા પ્રપંચોને સાચવી શકું એટલી ધીરજ માગુંછું. હજી ખ્હેડીના "હિસાબમાંથી રુપિયા આવવાના છે; એ હિસાબકિસાબની હું કાંઇ "દરકાર રાખું નહિ. જુવો, ગમે ત્યાં જઇ હમણાં એક ઘડીમાં જોઇયે "તેટલા રુપિયા ભેગા કરી શકું. તેમાં કાંઇ અશકય નથી, પણ આજ "લગણ કોઇને કાંઈ કહ્યું નથી, અને ગરજે નથી રાખી એટલે હવે "માગી શકાય નહીં. ઇચ્છાજ ન થાય. એ તો આપણાં મન મળેછે, "અને મને ઓળખ્યા–ઓળખોછો, તેમજ ભવિષ્ય માટે સારા વિ"ચાર બાંધોછો. તમારા જેવા ભાઈની સામે સંકોચથી વર્તીયે તો "બીજા કોને પોતાના ઘરના હેવાલ કહેવા જઇયે?" આ શીખેલું બોલાયલું બધું કામ લાગ્યું.

આ વાત થઇ ગયા કેડે અને ટીખળચંદની મનકામનાઓ સફળ થતી જણાયા પછી માખણલાલે એને ભણાવી રાખ્યો કે, "વિજય"સિંહને હવે મળવાની દરકાર કરવી નહીં. આપણું કામ થયું. ઘ"રેણાં આવ્યાં તેપણ એક હારને સાથે લાવ્યા. એક વીંટી એની પાસે "આપણી છે, તેના બદલામાં આઠસો રુપિયાજ લેશું." આમજ થઇ શકતું હશે, એમ ટીખળચંદે માની લીધું. આ ગોટાળા શાસ્ત્ર જોવા-

તપાસવા અને કંટાળો ભોગવવાની અનિચ્છાથી એનો સદ્દમિત્ર વ્યવહારચતુર મળવાને આવતો બંધ થયો હતો. વિજયસિંહ અને દુર્દમસિંહ સાથે વ્યવહારચતુરની મિત્રતા કરાવી આપનાર ટીખળચંદજ હતો એને ખોટું ન લાગે માટે તેઓની પાસે પણ વિશેષ આવજા કરવામાં વ્યવહારચતુરને સંકોચથી બાહ્ય દેખાવ સાચવવાની ફરજ પડી.

પ્રકરણ ૬.

સદ્દમિત્ર સંપ્રાપ્તિ.

***यस्य मित्रेण संभाषा यस्य मित्रेण संस्थितिः**
मित्रेण सहयो भुङ्क्ते ततो नास्तीह पुण्यवान्

વ્યવહારચતુરમાં વિદ્યા, વ્યવહારકુશળતા, બુદ્ધિ અને સાંસારિક જ્ઞાન; એ પ્રશંસનીય હતાં. વિદ્વત્તાથી વિદ્વાનોને કાર્યચાતુર્યથી સંબંધીઓને, ઉચ્ચ વિચારોથી મિત્રોને અને વિવેકથી કુટુંબીઓને સમ્પૂર્ણ સંતોષ આપી જોનારને છક્ક કરી નાંખતો. મિત્રની પરીક્ષા કરવામાં એને વિલંબ થતું નહીં. પરીક્ષા થઈ કે તરત તેનીસાથે વર્તણુકમાં ઘટતી યોજનાથી પ્રસંગ પાડવાના નિયમ ઘડી કહાડતો. તેને રુચીકર પોતાને હિતકર તેમજ અન્યને સ્વાભાવિક અવિકારી પ્રીતિ ઉપજે એવી રીતિની ચાલચલણથી કોઇને કુબુદ્ધિના વિકાર—શંકા, ઈર્ષા, અતિ હર્ષ કે ગ્લાનિ—ને સ્થાન મળતું નહીં. એના સંબંધમાં કોઈ કાંઈ મત બાંધી બેશી રહે નહીં, તેમાટે એ હમેશાં સાવચેત રહેતો. સ્વાર્થમય સૃષ્ટીમાં સ્વાર્થી નહીં બનતો, પણ બીજાની સ્વાર્થ સાધક વર્તણુક—ઇચ્છા જોઇ તે કળી ન શકે એવા પ્રયોગથી સ્વાર્થબુદ્ધિને પોતાના ભણી આવતાં અટકાવતો. એના બધા મિત્રો એમજ સમજતા કે, એ બધાપર સમ પ્રીતિ—ભાવ રાખે છે, પણ એના કોઈ-

---

* જેને મિત્રની સાથે નિત્ય ભાષણ છે, જેનો મિત્રની સાથે વાસ છે, અને જે મિત્રની સાથે ભોજન કરે છે; તેનાથી આ લોકમાં કોઈ પણ-વધારે પુણ્યવાન્ નથી.

પણ વિષયપર નહીં દોરાય એવા સ્વભાવથી ધનવાન્ મિત્રોની એ ગરજ રાખેછે, એમ મનાતું. વ્યાપારમાં ચિત્તવૃત્તિ રોકી રાખવાથી એટલું થતું કે, સાધારણ મિત્રો-જેના સહવાસમાં કાંઈ સત્વ જેવું નહિ હોય એવાઓ-ને સંતોષવા જતાં, અને તેઓમાં વધારે વખત રોકાતાં ઇષ્ટ કાર્યમાં હાનિ થવા દેવા ઇચ્છતો નહીં. જ્યારે કોઇ પણ પ્રકારના મિત્રતરફથી મળવા જોઇતા લાભ-જ્ઞાન, પ્રીતિ, ઉન્નતિમાં વૃદ્ધિ; આદિ-નજરે પડતા ત્યારે વ્યાપાર કાર્યમાંથી મળતા દ્રવ્યલાભને તેથી વધારે નહીં માનતો. આજ કારણથી ઘણું કરી ધનવાન્ મિત્રોના આગ્રહનો અનાદર કરી શકતો નહીં. ભવિષ્યમાં કોઇ પણ વખત સત્તાવાન્ મિત્ર પણ કામ લાગે છે; પોતાના કરતાં દ્રવ્યમાં, જ્ઞાનમાં, બુદ્ધિમાં અને કોઇ પણ સદ્ગુણોમાં અધિકતા ભોગવતા મિત્રોને માન આપવાથી નિર્ધન વિદ્વાનો, અજ્ઞાન ધનવાનો, અને પોપટીઆ પણ્ડિતો એને સ્વાર્થસાધક માનતા. એ તેઓનું કહેવું-માનવું પ્રકૃતિ અનુસાર ઠીકજ હતું.

સમાન વયના યોગ્ય મિત્રપાસે મિત્ર રહસ્ય, નિર્દોષ વાર્તા આનંદ લેવાયોગ્ય હરવાફરવાનું; આદિ મિત્રતાના વિહારસ્થાને ગણતો. કોઇ કોઇ વાર.

***मित्रवान् साधयत्यर्थान् दुःसाध्यानपि वै यतः ।**
तस्मान्मित्राणि कुर्वीत समानान्येव चात्मनः ॥

આ વાક્યોને બાઝી રહેવામાં વિઘ્ન આવતાં. તે એટલાંજ કે, બાહ્ય દેખાવમાં આવવાથી કોઈના મનમાં અસંતોષ ઉત્પન્ન ન થાય, તે માટે સાવચેત રહેવું પડતું. વળી એનું એક એવું માનવુ હતું કે, યુવાવસ્થામાં અને અનુભવાર્થે માળના પ્હેલા પગથીઆ સમયે કુદરતના કાયદા જાણી લેવાને બાથ નહીં ભીડતાં સાંસારિક નિયમ-પાઠ શીખી લેવા યોગ્ય છે, અને એજ હાલનો અધિકાર છે. ઇંગ્રેજી વિદ્યા એના બાહ્યાચરણપર અસર કરી શકી નહીં, પણ એમ માની

* મિત્રવાન્ માણસ દુઃસાધ્ય પણ સાધી શકે છે, તે માટે આત્મસમાન મિત્રો કરવા.

શકાતું કે, ધર્માચરણ-વર્ણાદી પાળવામાં કેવળ જ્ઞાતિના અંકુશને માન આપવા માટેજ બાહ્યશ્રદ્ધા-આસ્તિકતાને માન્ય રાખવામાં આવેછે. ગમે તેમ હો, પણ એ કોઈનાથી દૂષિત ઠરી શકે એમ ન્હોતું. પ્હેલે કેટલાક દ્હાડા ટીખળચંદ સાથે એની મિત્રતા હતી. એક વખત ઉજાણીમાં ટીખળચંદ તેમજ વ્યવહારચતુરને વિજયસિંહે આમંત્રણ કર્યું. એ પ્રસંગ પડ્યા પછી વિજયાસિંહસાથે એની મિત્રતાએ ગાઢ રૂપ પકડ્યું. એક બીજાના વિચાર કેટલાક મળતા આવવાથી અન્યોઅન્ય પ્રીતિમાં વૃદ્ધિ થઈ હતી. દીવસેદીવસે આ વધતી જતી મિત્રતાની ઈર્ષા માખણલાલે ટીખળચંદને શીખવી.

*परोक्षे कार्यहन्तारं प्रत्यक्षे प्रियवादिनम् ।
वर्जयेत्तादृशं मित्रं विषकुम्भं पयोमुखम् ॥

ગરબડરામમાં સ્વ સ્વાર્થના લોભથી વિરૂદ્ધ વૃત્તિ, અને વ્યવહારમાં આવેલાઓને પરનિન્દા તેમજ ઈર્ષારૂપી કાર્યસાધક સાધનોનો ઉપયોગ કરવો પડતો તેથી, અને તેમ કરવા જતાં કૃત્રિમ પ્રશંસા-પ્રિયકર વાક્યો, અને અંધકાર બતાવી ઉજાળાનું ભાન કરાવવા જેવા પારકા દોષ કથન કરી સમક્ષ જનના ગુણ કથવાના પ્રયોગથી આ વર્જ્ય મિત્રનો મહાન દોષ એણે અજ્ઞાનથી ધારણ કર્યો હતો. વિજયસિંહ અને વ્યવહાર ચતુરનો મિત્ર-સંબંધ બાહ્ય દેખાવનો ન્હોતો જણાતો, પણ ગરબડરામના પ્રયાસ ચાલુ જ હોવાથી તેમ રહ્યું નહીં. દુર્દમસિંહને ગરબડરામે કહ્યું કે, "હું નિરૂદ્યોગી છું, ટીખળચંદપાસે નોકરી હતો ત્યાં ઠીક હતું; ઘરના કામકાજમાં રહેતો. હવે તે રાખતો નથી, જો તમે મને નોકરી રાખશો તો હું એની ગુપ્ત વાતો સાંભળીને તમને કહીશ. "દુર્દમસિંહને ધનવાન્ મિત્રોથી બ્હારના

* અંદર ઝેર અને મુખપર અમૃતપૂરિત દેખાતા ઘડા જેવો, પરોક્ષમાં કાર્યને હણનાર અને પ્રત્યક્ષમાં પ્રિય બોલનાર મિત્ર વર્જ્ય-ત્યાગ કરવા યોગ્ય છે—

પોતાના સારા દેખાવને દીપાવવાની અને ઉન્નતિરૂપ બતાવવાની ઘણી હોંશ હતી એ ભોળાઇએ એને ખેંચ્યું અને વિશ્વાસુ તાબેદારી ભોગવવા તત્પર થયેલા મિત્ર જણાતા ગરબડરામના શબ્દો સ્વીકારવાનું મન થયું. તે વખતે

જે જન પર નિન્દા કરે, રીજવા મુજ મન્ન;
(તે) કાનહીં અન્ય જનો કરે, મુજવાતોથીં પ્રસન્ન.

એ વાકયો એના હૃદયમાં સ્ફુર્યાં નહીં. થોડાજ દહાડામાં ગરબડરામે બધાને ગબડાવ્યા. માત્ર ભોળાઇના બળે નિસ્વાર્થ–સ્વાર્થ હોયતો, તે મળવાના સાધન પણ સ્વાર્થરૂપી લાકડીમાં સળો નાંખનાર ઉધાઇ જ હતી તેવા અયોગ્ય–પ્રવાહમાં ઘસરાઈ ગયેલું એનું મનમાનતું નહીં. ટીખળચંદના વિજયસિંહપ્રત્યે ચાલેલા દ્રવ્યસંબંધી વ્યવહાર માત્ર દુર્દમસિંહ પાસે જ નહીં પણ તે વિના બીજા મળી શકયા એટલા અને મણીલાલ, શીવગણુ, વ્યવહારચતુર; એમ બધાને કહેવામાં અને એક બીજાની સઘળી લાગણીઓ સરખે વખતે અને સરખી રીતે ઉશ્કેરવામાં એણે મુખ્ય લાભ લીધો. એના બીજા બધા ઉશ્કેરેલા સ્થળો કરતાં ઝટ ફૂટી નીકળે એવો સ્થળ દુર્દમસિંહ હતો. પ્રતિદિનનો વિજયસિંહ સાથે સહવાસ છતાં કાંઈ વાત ગુપ્ત રાખવાનો–પચાવી જવાનો પ્રયાસ એને કઠિન હતો.

વિજયસિંહ વિચિત્ર સંસારમાં વિચિત્ર સેત્રંજ રમવામાં આનન્દ માનતો હોય, એમ બ્હારના લોકોનું માનવું હતું. એને કોઇ તરત કળી શકતું નહીં. સંપત્તિને યોગ્ય રીતે રચવી—બ્હોળા કારભાર પર દૃષ્ટિને દોડાવવી અને તેની પાસેથી બુદ્ધિદ્વારા ચોક્કસ કામ કરાવવું એ નિશ્ચયાત્મક બુદ્ધિ–સાંસારિક–માનસિક કાયદો બાંધી અને ત્યારપછી થોડાજ અનુભવોના સંગ્રહના ભાથાને બગલમાં મારી હાલ મિત્ર યાત્રા કરવા, કસોટી કરવા, અને સારાસારનો વિચાર માત્ર કર-

વાનો અવકાશ મેળવવા જરા આગળ વધી, મિત્રોના ગુણ અવગુણ જોવાની મન્દ ઇચ્છાવાળો થઈ ભમતાં, તીવ્ર ઇચ્છા ઉત્પન્ન કરનાર—એ ઇચ્છાને બળ આપનાર ગુણ ઉત્પન્ન થયા હતા. ગર્ભ શ્રીમન્તાઈએ જો કે સહજ પ્રમાદ આપ્યા વિના એને મુકચો નહીં, પણ પચીશ વર્ષની મ્હોટી વયે થયેલી ઇચ્છાઓ કોઈ વિદ્યાર્થી અઢાર વર્ષની વયમાં વિચાર કરે તેવી હતી, તથાપિ ખીલતાંજ ત્વરિત શક્તિના દર્શન એની કળાઓમાંથી પ્રગટતાં હતાં.

સઘળા મિત્રો તરફની હીલચાલ અને વિચાર કોઇપણ વખતે, કાંઇપણ અંશે પોતાને અમુક રીતે અસર કરી શકચા; એમ બતાવી આપવા ઇચ્છતો નહીં, એટલો એ ધીર હતો. સ્વેચ્છાથી વર્તવું એ એનો મુખ્ય સિદ્ધાન્ત હતો કોઇપણ કાર્યમાં સલાહ લેવા યોગ્ય લાગતું તો યોગ્ય પાત્રને પૂછતો, પણ કરતો પોતાની બુદ્ધિથી નિશ્ચય થએલુંજ; તેથી કોઈ એમ માનતા કે, એનામાં કૃત્રિમતા ઘણી છે, કોઇ કહે એના વિચાર નહીં કળી શકાય એવા ઉંડા છે. આવા ઉભય વર્ગનું માનવું સર્વાંશે મિથ્યા ન્હોતું, પણ એવી સમજ અધુરી ગણાય એમ મનાતું. શુદ્ધ કે અશુદ્ધ હૃદયથી—ધારણાથી એને અધીન કરવા—ઇચ્છનારાઓને એનાં આચરણોમાં કૃત્રિમતા લાગે, એ સ્વાભાવિક હતું. કોઈવાર તેઓની સલાહ પૂછવા જતાં સર્વાંશે તે સલાહ પાર નહીં પડતી, ત્યારે પોતાની બુદ્ધિપર નિશ્ચય કરવાની શક્તિની ન્યૂનતાનો આરોપ રાખવાને બદલે એને એકમાર્ગી અને કૃત્રિમ માની લેવામાં તેઓ ભૂલ કરતા—પોતાની ભૂલ જોઈ શકતા નહીં.

બીજી બાજુ એનું મન નહીં કળાય એવું મનાતું તે એના પ્રસંગોપાત આચરણોની વિચિત્રતાથી એક કાર્યમાં સફળ થવા માટે તે કાર્યની કુંચીઓ—દોરીઓ જ્યાં લંબાયલી હોય, તે કાર્યની શાખાઓરૂપે જે બીજાં કાર્ય રહ્યાં હોય તે મારફતે કામ લેતાં બીજા જોનારાઓને તે અપ્રાસંગિક લાગતું, પણ એનું ધાર્યું કામ પાર પાડવામાં

બીજાં કરવાનાં કાર્ય-યંત્રોને જોડી દઈ તે પૂર્ણ કરતો. તેથી થતું એમ કે, અણુસમજુ લોકોમે આ કાર્યમાં માથું મારવાની કશી આવશ્યકતા નહીં છતાં, એ આમ શું કરવા કરતો હશે! એમજ લાગતું. એ વિચિત્રતા સાધારણ આંખોને ભૂલાવો ખવરાવતી, પણ વિચારવંતને પરિણામે જણાતું કે, અમુક અમુક અપ્રાસંગિક લાગતી કુંચીઓ દબાવવાથી અમુક ઉપયોગી કાર્ય-યંત્ર ચાલ્યું. આવી આવી વિચિત્ર કળાઓથી સ્વતંત્ર વિજયસિંહને એના કેટલાક મિત્રો એને "વિચિત્ર સિંહ" કહેતા. આ કાર્ય કુશળતાના પ્રયોગો સાધારણ વર્ગપાસે એ છુપાવી શકયો હતો. આવા બુદ્ધિશાળી પુરુષોને જો દાંભિકત્વ એક-વાર ભુલાવી દેવા સમર્થ થાય, તો અસત્યની ચ્હડતીનો યુગ ગણ-વામાં કાંઈ ભૂલ થતી નહીં કહેવાય.

સ્વાભાવિક ગુણ, અને બાલ્ય સંસ્કાર; એ ઉભયની ઉત્તમા-ધમતાથી માણસ પણ ઉત્તમાધમ ગણાય છે. વિજયસિંહના બાલ્ય-સંસ્કાર પવિત્ર, યોગ્ય અને સરળ રીતિના શુદ્ધ હોવાથી પોતાના કાર્યમાં ચોક્કસ રહેવામાં અને કુળગૌરવ ટકાવી રાખી વડીલોએ પા-ળેલા માર્ગ—ધર્મ, કર્મ, નીતિ, વ્યવહાર—ને ઉત્તેજવામાંજ સાર્થકસિદ્ધ મનાતું. એક કાર્યમાં સમ્પૂર્ણ થવાની આશા—ખંત, એ અનેક કાર્યોને બાથ ભીડી નિષ્ફળ નિવડવાના ભય વ્હોરી લેવા કરતાં અધિક હિત-કર લાગતી. દુષ્ટોને નાશ કરવામાં ધર્મ્યાચરણ માનનાર વૃત્તિ કોઇ કોઇ વાર અદેખાઇના ઉપનામથી ઓળખાતી. વાતના પ્રસંગમાં દુર્દમસિંહને ટીખળચંદનો મિત્ર માની એને પોતાની સાથે પડેલા લફરાનો અંત આણવા કહ્યું. સવિસ્તર—લ્હેણા દેણાની હકીકતો કહે-વાનું બંદજ રાખ્યું. માત્ર ન્યૂન ભાવ થયો છે એમ કહ્યું, અને તે પુનઃ મિત્રતા થાય માટે એક વખત સાથે મળવું—વાતચીત કરવી, એવી ધારણા બતાવી. દુર્દમસિંહથી કહેવાઇ ગયું કે, 'તેનાં કેટલાંક કારણ મ્હારા લક્ષમાં છે.' વિજયસિંહે કલ્પનાથીજ ગરબડરામને

શોધી કૂહાડચો શું લક્ષમાં છે તે, અને તે કયાંથી આવ્યું એ જાણવા વિજયસિંહે આગ્રહ કર્યો, પણ મિત્રોમાં કુસંપ થાય જાણી એણે છુપાવ્યું, તેથી એ બે મિત્રોની વચ્ચે શંકાનો પડદો ઉભો થયો. થોડાજ સમયમાં વિજયસિંહને જણાયું કે, બધા મિત્રોમાં ફાટ પાડવાના ગરબડરામના પ્રયાસ ચાલુ છે, અને મણિલાલને તેણે સઘળા ટીખળચંદના વિચાર અને કાર્ય જણાવ્યાં છે. છોકરવાદીનાં પરિણામ આવેલાં જોઇ પોતાની પરીક્ષક બુદ્ધિને ઓછી ગણવા લાગ્યો. પરોક્ષ રહી, ગરબડરામની વાતો સાંભળી સઘળા ખળભળે અને દેખાઇ આવે એવું થાય, તો તેને હજી પણ કોઇ રીતે આ નાના સુના સાધારણ પ્રસંગની અહીંથીજ સમાપ્તિ કરવી યોગ્ય છે; એમ ધારી બધા હિતેચ્છુ જણાતાઓ, અને પોતાને તેમજ ટીખળચંદને મિત્ર ગણનારાઓને આમંત્રણ કરી બોલાવ્યા. આ કનફરન્સ ભરાઈ.

આનન્દભુવનમાં આ મિત્રસમાજ એકઠી થઈ. બાબુ રમેશ્ચન્દ્ર કલકત્તાથી વ્યાપારાર્થે કેટલાક સમયથી અહીં આવી વસ્યો હતો. વિજયસિંહ સાથે એની સામાન્ય મિત્રતા બંધાઈ હતી. એનો સ્વભાવ ઠંડો, કોઇને નહીં દુભવનારો અને પોતાના કાર્ય શિવાયના પ્રપંચોમાં પડવાની અનિચ્છાવાળો હતો. વિધવિધ અનુભવ મેળવવાની ઇચ્છા થતી, તો તટસ્થ રહી બધું જોયા કરતો—તપાસતો, પણ પોતે પરોવાતો નહીં. સારા અને ખરાબ એવા બે વિપરીત સ્વભાવના મિત્રોમાં ભળતો. ફરવા જતો, તેઓના વિચાર સાંભળતો, પણ તેઓની અનુકરણુસરિતામાં તણાતો નહીં. ગમે એવા સ્થળે અને ચાહે તેવા માણસોના સહવાસમાં જોઇ એનાપર કોઈ શક લાવી શકતા નહીં. વખતે કુછંદી મિત્રો સાથે અનુભવ મેળવવા જોઈ, શિખી લેવા—જતો. મનહર શોભિત થવામાં કાંઈ માલ નથી એમ માનતો. બ્હારના ગમે તેવા દેખાવના, પણ વિચાર અને બુદ્ધિને ગ્રાહ્ય લાગે તો તેની સાથે ફરવામાં શરમ જેવું નહિં માનતો. કાર્ય—ઇષ્ણેજ

જોતો, તેથી મિત્રોમાં વધારો થવાને બળ મળતું નહીં, પણ એકવાર એના મિત્ર થયેલાને એના સંબંધમાં ભિન્નતાના બીજા વિચાર પેસવા પામતા નહીં. આવી ગડમથલમાં પડવાનો વારો એને આજેજ આવવાનો હતો. ક્ષેમમલ્લને ઇચ્છા થઈ કે, એ મનભર થયાં કરે છે; તે કેટલો અનુભવ સંગ્રહ થયો છે તે જોવું, અને તે અનુભવમાંથી કેવા પ્રકારની સ્વકલ્પના ઉદ્દ્ભવે છે, તે આજ જણાશે.

ક્ષેમમલ્લનો સ્વભાવ ઉત્સાહમાં ભાગ લેનાર અને આચરણોથી સ્વાભાવિક રીતે સહુમાં ભળે એવો હતો. કોઇપણ વાતમાં આનંદ-હાસ્ય માટે પણ નિંદા સ્તુતિના મસાલા મેળવવાનું એને ગમતું નહીં. કોઈ સલાહ લેવા કે સહજ વાત કરવા ઇચ્છે તો તેને ટુંકામાં પોતાને ઠીક લાગે તેમ કહી દેતો, પાછળ તેના સંકલ્પ વિકલ્પ કરવામાં મનને રોકતો નહીં. શરીરે પુષ્ટ, ફરવામાં આનંદ માનનો, અને કોઇની ચર્ચા કરનારને ધિક્કારની નજરથી જોનાર હતો. અહીં આવી એ કોઇ પણ રીતે પતાવટ કરી શકે, અથવા સમ સ્થિતિ ઉપર આણે એમ નહોતું, પણ રમેશ્ચન્દ્ર સાથે ઘણીવાર રાત્રીના જન-ચર્ચા જોવા જતો તે એને પ્રત્યેક બાબત ભણી નજર ખેંચી સંબોધતો તેથી આજે અહીં આવવાના વિજયસિંહના આમંત્રણને માન આપવું યોગ્ય ધાર્યું.

***शुचित्वं त्यागिता शौर्यं सामान्यं सुखदुःखयोः ।**
दाक्षिण्यं चानुरक्तिश्च सत्यता च सुहृद्गुणाः ॥

આ બોધ એની સ્વબુદ્ધિયે અણશીખવ્યું ઉપજાવી કહાડયું હતું.

વિજયસિંહ! તેં કુસંગતિવાળા *મિત્રની વાત સાંભળી-માની, ત્યારેજ ત્હારા મિત્રોને અને તને હીણું લાગ્યું હશે. પણ હિમ્મત હારીશ નહીં. કમર કસી આ જગત્‌માંના બધા અનુભવ મેળવી મિશ્ર કરી, ગાળી, જે તત્વ નીકળે તેને ત્હારા શોધનના પરિણામ-નવરત્ન-

---

* હૃદયનું નિર્મળપણું, દાન આપવાપણું, શૂરવીરતા, સુખદુઃખમાં સમાનપણું, સરળપણું, અનુરાગ અને સત્યતા એ મિત્રના ગુણ કહેલા છે.

ઉપયોગમાં લાવ; જે જોઇ જગત્માંના સત્પુરૂષો ત્હારી પરોક્ષ તિ કરે.

મિત્ર! યોગ્ય ચાતુરી મેળવવા યોગ્ય મિત્રોછે, તેઓને જેવા ભાવ-, ઇચ્છાથી, અને સુભાશાથી તું ત્હારા પવિત્ર નયન ગંભીર આકૃતેમાં ફેરવેછે, તે વખતના વિશ્વાસ,ઐકયભાવ, નમ્રતા, નિશ્ચેષ્ટઅભિન્ન અભિનય જો! અને વિચારકે, અધિકાર પરમેશ્વરેજ નીમી રાખ્યા છે. ગતકર્તા અને નિયંતા, ચક્રવર્તીરાજા, દેશપતિ, ગ્રામપતિ, ન્યાયાધીશ, પક્ષમંત્રીથી લઇને પ્રત્યેક કાર્યને યોગ્ય વ્યક્તિઓ અધિકારેજ શોભે છે. બ્રાહ્મણ, ક્ષત્રિયાદિ ચાર વર્ણનાં કાર્યો આજ લગણ તેજ સ્થાને જો રહ્યા હતે, અન્યોઅન્ય સામાનાં કાર્યોપર બુરા અથવા સારા વિચારથી પણ ઝુંટી લેવાના અને પોતે બીજાના આસનપર બેશી પોતાના આસનનું સત્યાનાસ વાળવાના વિચાર આર્યોને સૂઝયા નહીં હતે, તો બળવાન્ યોગ્યતા ન્યાયાસનને ન્યાયથી કેવો ઝળકાટ–ઓપ ચહડાવી રાખતે! હજી પણ વર્ણનો સત્વ ખુટી ગયો હોય એમ નિશ્ચય નથી, કાંઇપણ અંશે સ્વકર્મને વળગી રેહનાર જડી આવતા હોય તો નીચને તેમજ ઉચ્ચને સ્વધર્મ પાળવા ઉપદેશ કરીશ એજ માર્ગે–એજ ન્યાયથી મિત્રતાના સંબંધમાં પણ અધિકાર પ્રમાણે પ્રત્યેક મિત્રને ફરજ પાડવી ધર્મ્ય માનજે. બ્રહ્મબંધુઓ યુદ્ધ કરીશકવાના નથી, અને શુદ્ર વ્યાપાર કરવાને લાયક નથી, તે નથીજ થવાના. બળાત્કારે અન્ય પદવીએ પ્હોંચવા પ્રયાસ કરનારાઓના પૂર્વપ્રતાપના ઝાંખા અજવાળા ઉપર ચહડાવેલા ઓપને જો; તો ખાત્રી થશે કે, મિત્રતામાં પણ અમુક પ્રસંગે મિત્ર અને અમુક પ્રસંગે પક્ષકાર પેઠે એક સંયોગોવચ્ચે સામો થઇ, બીજા સંયોગોમાં નમ્ર બની સત્યનો તું પણ પક્ષવાદી થા.

ડેસી દૂરમ વેબણા, (છલ) ઢાઢાચામ હુવે;
સજન હે કડે શાજમેં, છાલે રોઠા વેઠા હુવે.

* * * * *

ભાચેં સંઘી વખરી, હેકડા ડા એચા ડફુ;
ભોડ·ઘેં વટ ભોડ·ઘા, (ડીં) સડે મથા સફુ.

ટીખળચંદનો દાખલો લે, અને આ કચ્છી–અનુભવથી ઘડાયલા શબ્દોને માન્ય કર. સહોદર, ઇષ્ટમિત્રાદિ પંક્તિપ્રમાણેજ જાળવી રાખ જુની મિત્રતા ભૂલીશ નહીં.

અનુભવાર્થના લોભીને ભલામણ કરતાં, સંગ્રહસ્થાનના ભંડોળમાં આ યત્કિંચિત્ અનુભવોને ભેળવી દેવા વિનંતી કરતાં, હાલ આપણે જુદા પડશું. વિસરીશ નહીં, હું પણ નહીં વિસરૂં; આગળ અટન કરતાં જે જણાશે તે પ્રકાશદ્વારા મળજે.

પ્રથમ ભાગ સમાપ્ત.



સદ્બોધદિવાકર દ્વિતીયકીર્ણ "વિવિધમિત્રતા" માટે આગળથી નામ નોંધાવનાર ગ્રાહકોએ નારાયણ જાદવને વાસકોડી બોરમગાઓ, ગોઆ લખવું. તા. ૩૦ મી ફેબ્રુઆરી ૧૯૦૩ સૂધી આવેલાં નામ આગળના ગ્રાહક તરીકે ગણવામાં આવશે. આગળથી નામ ભરનાર પાસેથી આઠ આના. પાછળથી આના બાર.